GJBN220001932022

**<u>એમ.એસી.પી. નં. ૧૦/૨૨</u>** **<u>એમ.એ.સી.પી. નં. ૧૪/૨૨, ૧૫/૨૨</u>**

| | | |
|---|---|---|
| રજૂ તારીખ : | ૧૨/૦૫/૨૦૨૨ | ૧૩/૦૫/૨૦૨૨ |
| દાખલ તારીખ : | ૧૨/૦૫/૨૦૨૨ | ૧૩/૦૫/૨૦૨૨ |
| નિકાલ તારીખ : | ૦૮/૦૮/૨૦૨૬ | ૦૮/૦૮/૨૦૨૬ |
| | વર્ષ માસ દિવસ | વર્ષ માસ દિવસ |
| અવધિ : | ૦૪ ૦૨ ૨૬ | ૦૪ ૦૨ ૨૫ |

**ભાવનગરના મે. મોટર એકસીડેન્ટ કલેઇમ ટ્રીબ્યુનલ(સહાયક) અને એડીશનલ ડિસ્ટ્રીકટ જજ(કુ.આર.એ.નાગોરી)શ્રીની કોર્ટ, મુ.તળાજા.**

**એમ.એ.સી.પી. નંબર–૧૦/૨૦૨૨**

**એમ.એ.સી.પી. નંબર–૧૪/૨૦૨૨**

**અને**

**એમ.એ.સી.પી. નંબર–૧૫/૨૦૨૨**

**આંક–**

**<u>એમ.એ.સી.પી. નંબર–૧૦/૨૦૨૨</u>**

| **અરજદાર** | **ઉ.આ.વ.** | **ધંધો** |
|---|---|---|
| જયવંતસિંહ રવુભા ગોહિલ | ૪૦ | વેપાર |

રહેવાસી– બેંક કોલોની, તળાજા, જિ.ભાવનગર.

**<u>વિરુધ્ધ</u>**

**ટ્રક નં.જી.જે.૩૪ ટી.૦૩૨૯ના ચાલક, માલિક અને વીમા કંપની**

(૧) વલ્લભભાઇ સોંડાભાઇ મકવાણા પુખ્ત ડ્રાઇવીંગ

ઠે. બાંભણીયા શેરી, ખરેડ, તા.મહુવા,

જિ.ભાવનગર.

(૨) ભાવેશભાઇ શામજીભાઇ બાંભણીયા પુખ્ત ટ્રાન્સપોર્ટ
ઠે. બાંભણીયા શેરી, ખરેડ, તા.મહુવા,
જિ.ભાવનગર.

(૩) ટાટા એઆઇજી જનરલ ઇન્સ્યોરન્સ કું લિ. --- વીમા કંપની
ઠે. ૩૦૪, સિધ્ધી વિનાયક કોમ્પલેક્ષ, વાઘાવાડી
રોડ, ભાવનગર.

**ધી મોટર વ્હીકલ એકટની કલમ-૧૬૬ મુજબ રૂા.૧૦,૦૦,૦૦૦/-નું નુકસાન વળતર મેળવવા અંગે.**

**<u>એમ.એ.સી.પી. નંબર-૧૪/૨૦૨૨</u>**

| | | |
|---|---|---|
| **અરજદાર** | **ઉ.આ.વ.** | **ધંધો** |
| **ગુજરનાર ભાવેશભાઇ વશરામભાઇ બારૈયાના વારસો** | **૨૭** | **કલરકામ** |
| (૧) વશરામભાઇ પુનાભાઇ બારૈયા | ૫૮ | નિવૃત |
| (૨) મનોજભાઇ વશરામભાઇ બારૈયા | ૩૪ | કલરકામ |
| (૩) નીતાબેન વશરામભાઇ બારૈયા | ૨૫ | ઘરકામ |

(તે જેમાભાઇ મોરીના પત્ની)
રહે. તમામ.શેરી નં.૨, દીનદયાળ નગર, તળાજા,
જિ.ભાવનગર.

**<u>વિરુધ્ધ</u>**

**ટ્રક નં.જી.જે.૩૪ ટી.૦૩૨૯ના ચાલક, માલિક અને વીમા કંપની**

(૧) વલ્લભભાઇ સોંડાભાઇ મકવાણા પુખ્ત ડ્રાઇવીંગ
ઠે. બાંભણીયા શેરી, ખરેડ, તા.મહુવા,
જિ.ભાવનગર.

(૨) ભાવેશભાઇ શામજીભાઇ બાંભણીયા પુખ્ત ટ્રાન્સપોર્ટ
ઠે. બાંભણીયા શેરી, ખરેડ, તા.મહુવા,
જિ.ભાવનગર.

(૩) ટાટા એઆઇજી જનરલ ઇન્સ્યોરન્સ કું લિ. --- વીમા કંપની
ઠે. ૩૦૪, સિધ્ધી વિનાયક કોમ્પલેક્ષ, વાઘાવાડી

રોડ, ભાવનગર.

**ધી મોટર વ્હીકલ એકટની કલમ–૧૬૬ મુજબ રૂા. ૩૦,૦૦,૦૦૦/–નું નુકસાન વળતર મેળવવા અંગે.**

**એમ.એ.સી.પી. નંબર–૧૫/૨૦૨૨**

| **અરજદાર** | **ઉ.આ.વ.** | **ધંધો** |
|---|---|---|
| **ગુજરનાર પ્રવીણભાઇ નાથાભાઇ પરમારના વારસો** | **૫૪** | **દરજીકામ** |
| (૧) હર્ષાબેન પ્રવીણભાઇ પરમાર | ૫૨ | ઘરકામ |
| (૨) રાહુલભાઇ પ્રવીણભાઇ પરમાર | ૨૩ | અભ્યાસ |
| (૩) જાગૃતિબેન પ્રવીણભાઇ પરમાર (તે મનોજભાઇ સરવૈયાના પત્ની) | ૨૯ | ઘરકામ |
| (૪) કોમલબેન પ્રવીણભાઇ પરમાર (તે ગોપાલભાઈ માથાવડીયાના પત્ની) રહે. તમામ.શેરી નં.૨, દીનદયાળ નગર, તળાજા, જિ.ભાવનગર. | ૨૬ | ઘરકામ |

**વિરુધ્ધ**

**ટ્રક નં.જી.જે.૩૪ ટી.૦૩૨૯ના ચાલક, માલિક અને વીમા કંપની**

| | | |
|---|---|---|
| (૧) વલ્લભભાઇ સોંડાભાઇ મકવાણા ઠે. બાંભણીયા શેરી, ખરેડ, તા.મહુવા, જિ.ભાવનગર. | પુખ્ત | ડ્રાઇવીંગ |
| (૨) ભાવેશભાઇ શામજીભાઇ બાંભણીયા ઠે. બાંભણીયા શેરી, ખરેડ, તા.મહુવા, જિ.ભાવનગર. | પુખ્ત | ટ્રાન્સપોર્ટ |
| (૩) ટાટા એઆઇજી જનરલ ઇન્સ્યોરન્સ કું લિ. ઠે. ૩૦૪, સિધ્ધી વિનાયક કોમ્પલેક્ષ, વાઘાવાડી રોડ, ભાવનગર. | ––– | વીમા કંપની |

**ધી મોટર વ્હીકલ એકટની કલમ–૧૬૬ મુજબ રૂા. ૩૦,૦૦,૦૦૦/–નું નુકસાન**

**વળતર મેળવવા અંગે.**

**અરજદાર તરફે : વિ.વકીલશ્રી કે.વી.વૈદ્ય**

**સામાવાળા નં.૧,૨ તરફે : વિ.વકીલશ્રી એ.એચ.સોલંકી**

**સામાવાળા નં.૩ તરફે : વિ.વકીલશ્રી વી.કે.કકકડ, વિ.વ.શ્રી જે.યુ.ઠકકર**

**-:: સંયુક્ત ચુકાદો ::-**

(૧) અકસ્માતમાં ઈજા પામનાર જયવંતસિંહ રવુભા ગોહિલે તેઓને અકસ્માતમાં થયેલ ઈજા તેમજ રહેલ કાયમી ખોડના કારણે તેઓને થયેલ નુકસાની બદલ ધી મોટર વ્હીકલ એકટની કલમ-૧૬૬ મુજબ રૂા.૧૦,૦૦,૦૦૦/- નું વળતર મેળવવા માટે એમ.એ.સી.પી. નંબર-૧૦/૨૦૨૨ તથા થી વળતરઅરજી દાખલ કરેલ છે.

ગુજરનાર ભાવેશભાઈ વશરામભાઈ બારૈયાના પિતા, ભાઈ તથા બેન દ્વારા અકસ્માતમાં થયેલ ઈજાના કારણે મૈયત ભાવેશભાઈ વશરામભાઈ બારૈયાનું અવસાન થતાં તેઓને થયેલ નુકસાની બદલ ધી મોટર વ્હીકલ એકટની કલમ-૧૬૬ મુજબ રૂા.૩૦,૦૦,૦૦૦/-નું વળતર મેળવવા માટે એમ.એ.સી.પી. નં.-૧૪/૨૦૨૨થી વળતરઅરજી દાખલ કરેલ છે.

ગુજરનાર પ્રવીણભાઈ નાથાભાઈ પરમારના પત્ની, પુત્ર તથા બે પુત્રી દ્વારા અકસ્માતમાં થયેલ ઈજાના કારણે મૈયત પ્રવીણભાઈ નાથાભાઈ પરમારનું અવસાન થતાં તેઓને થયેલ નુકસાની બદલ ધી મોટર વ્હીકલ એકટની કલમ-૧૬૬ મુજબ રૂા.૩૦,૦૦,૦૦૦/-નું વળતર મેળવવા માટે એમ.એ.સી.પી. નં.-૧૪/૨૦૨૨થી વળતરઅરજી દાખલ કરેલ છે.

અત્રે નોંધનીય છે કે હાલની તમામ વળતરઅરજીઓ એક જ અકસ્માતના બનાવને લગતી હોઈ, સદર વળતરઅરજીઓના ન્યાયિક નિર્ણય અર્થે સંયુકત ચુકાદો આપવામાં આવેલ છે. અત્રે એ પણ નોંધનીય છે કે સદર ત્રણેય વળતરઅરજીઓ એક જ અકસ્માતના બનાવના પરિણામ સ્વરૂપ દાખલ થયેલ હોવા છતાં તમામ વળતરઅરજીઓના કામે પુરાવો અલગ-અલગ રેકર્ડ કરવામાં આવેલ હોઈ તેનો સદર હુકમમાં જે તે વળતર અરજી મુજબના આંકથી સરળતા અને સ્પષ્ટતાના કારણોસર ઉલ્લેખ કરવામાં આવેલ છે.

(૨) અરજદારોની વળતર અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે

તા.૧૬/૦૪/૨૦૨૨ના રોજ સવારે ૧૦/૦૦ વાગ્યાના સુમારે ગુજરનાર પ્રવીણભાઇ, ઈજા પામનાર જયવંતસિંહ તથા અન્યને લઇને મૈયત ભાવેશભાઇ તળાજાથી ભાવનગર જવા માટે કાર નં. જી.જે.૧૧ એબી ૯૦૯૭ની તદ્દન રોડની સાઇડમાં અને ધીમી ગતિએ ચલાવીને જતા હતા ત્યારે તણસા પાસેના બાયપાસ રોડ પર પહોંચવા દરમિયાન સામાવાળા નં.૧ નાએ પોતાના કબજાની ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ની પૂરઝડપે, ગફલતભરી રીતે, બેદરકારીથી હંકારીને રોંગ સાઈડે સામેથી આવીને કાર સાથે ભટકાવી દઇ અકસ્માત કરેલો. જેથી, કારમાં બેસેલા પ્રવિણભાઈનું તથા કારચાલક ભાવેશભાઇનું અકસ્માતમાં થયેલ ગંભીર ઈજાઓના કારણે સ્થળ પર મરણ થયેલ તેમજ કારમાં બેસેલા અરજદાર જયવંતસિંહને ગંભીર પ્રકારની ઈજાઓ થયેલી. સદર અકસ્માત સામાવાળા નં.૧ની પૂરેપૂરી ભૂલ અને નિષ્કાળજીભર્યા ડ્રાઈવીંગના કારણે થયેલ હોઇ ટ્રક ચાલક વિરુધ્ધ અકસ્માત અંગે ઘોઘા પો.સ્ટે. ગુ.ર. નં.૧૧૧૯૮૦૨૦૨૨૦૨૮૬/૨૨ થી ગુનો નોંધાયેલ છે.

(૨.૧) અકસ્માતના કારણે એમ.એ.સી.પી. નં.૧૦/૨૦૨૨ના કામના અરજદાર જયવંતસિંહને ગંભીર પ્રકારની ઈજાઓ થવાથી અરજદાને બીમ્સ હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે દાખલ કરી સારવાર આપવામાં આવેલી. અકસ્માત સમયે અરજદારની ઉંમર ૪૦ વર્ષની હતી અને તેઓ વેપાર કરી માસિક રૂા.૨૫,૦૦૦/– જેટલી આવક મેળવતા હતા. અકસ્માતના કારણે અરજદારને કાયમી ખોડ રહી ગયેલ હોઈ અરજદારને ભવિષ્યની આવકની નુકસાની થયેલ છે. વધુમાં, ઈજાના કારણે અરજદારને વર્તમાન આવકની નુકસાની થયેલ છે. વધુમાં, અરજદારને અકસ્માતમાં થયેલ ઈજા ના કારણે દવા, ઓપરેશન પાછળ ખૂબ મોટો ખર્ચ કરવો પડેલ છે અને સ્પેશીઅલ ફૂડ લેવો પડેલ છે, એટેન્ડન્ટનો ખર્ચ કરવો પડેલ છે તથા અકસ્માતના કારણે થયેલ ઈજાના કારણે દુ:ખ, આઘાત અને પીડા સહન કરવા પડેલ છે. સદર અકસ્માત સામાવાળા નં.૧ના બેદરકારી અને ગફલતભર્યા ડ્રાઈવીંગના કારણે થયેલ હોઇ, સામાવાળા નં.૨

અકસ્માતમાં સંડોવાયેલ વાહનના માલિક હોઈ અને સામાવાળા નં.૩ અકસ્માતમાં સંડોવાયેલ વાહનનો વીમો લેનાર કંપની હોઈ, તમામ સામાવાળાઓ સંયુકત તેમજ વિભકત રીતે અરજદારને સદર નુકસાન વળતરની રકમ ચુકવવા જવાબદાર છે.

(૨.૨) અકસ્માતના કારણે એમ.એ.સી.પી. નં.–૧૪/૨૦૨૨ના કામના અરજદારોએ તેમના પુત્ર/ભાઈ ગુમાવેલ છે. અકસ્માત સમયે મૈયત ભાવેશભાઈ ૨૭ વર્ષની ઉંમરના હતા અને કલરકામ કરી વાર્ષિક રૂ.૨૦,૦૦૦/– જેટલી આવક મેળવતા હતા. મૈયત ભાવેશભાઈનું અકસ્માતમાં અકાળે અવસાન થવાથી અરજદારોએ તેમના પુત્ર, ભાઈનો સહારો, સહવાસ, હુંફ ગુમાવવા પડેલ છે અને આર્થિક ખોટ સહન કરવાનો વારો આવેલ છે. સદર અકસ્માત સામાવાળા નં.૧ના બેદરકારી અને ગફલતભર્યા ડ્રાઈવીંગના કારણે થયેલ હોઈ, સામાવાળા નં.૨ અકસ્માતમાં સંડોવાયેલ વાહનના માલિક હોઈ અને સામાવાળા નં.૩ અકસ્માતમાં સંડોવાયેલ વાહનનો વીમો લેનાર કંપની હોઈ, તમામ સામાવાળાઓ સંયુકત તેમજ વિભકત રીતે અરજદારોને સદર નુકસાન વળતરની રકમ ચુકવવા જવાબદાર છે.

(૨.૩) અકસ્માતના કારણે એમ.એ.સી.પી. નં.–૧૫/૨૦૨૨ના કામના અરજદારોએ તેમના પતિ/પિતા ગુમાવેલ છે. અકસ્માત સમયે મૈયત પ્રવિણભાઈ ૫૪ વર્ષની ઉંમરના હતા અને દરજીકામ કરી વાર્ષિક રૂ.૨૦,૦૦૦/– જેટલી આવક મેળવતા હતા. મૈયત પ્રવિણભાઈનું અકસ્માતમાં અકાળે અવસાન થવાથી અરજદારોએ તેમના પતિ, પિતાનો સહારો, સહવાસ, હુંફ ગુમાવવા પડેલ છે અને આર્થિક ખોટ સહન કરવાનો વારો આવેલ છે. સદર અકસ્માત સામાવાળા નં.૧ના બેદરકારી અને ગફલતભર્યા ડ્રાઈવીંગના કારણે થયેલ હોઈ, સામાવાળા નં.૨ અકસ્માતમાં સંડોવાયેલ વાહનના માલિક હોઈ અને સામાવાળા નં.૩ અકસ્માતમાં સંડોવાયેલ વાહનનો વીમો લેનાર કંપની હોઈ, તમામ સામાવાળાઓ સંયુકત તેમજ વિભકત રીતે અરજદારોને સદર નુકસાન વળતરની

રકમ ચુકવવા જવાબદાર છે.

(૨.૪) સબબ, અરજદારોએ એમ.એ.સી.પી. નં.–૧૦/૨૦૨૨ના કામે રૂા.૧૦,૦૦,૦૦૦/–(રૂપિયા દસ લાખ પૂરા–), એમ.એ.સી.પી. નં.–૧૪/૨૦૨૨ના કામે રૂા.૩૦,૦૦,૦૦૦/–(રૂપિયા ત્રીસ લાખ પૂરા–) તથા એમ.એ.સી.પી. નં.–૧૫/૨૦૨૨ના કામે રૂા.૩૦,૦૦,૦૦૦/–(રૂપિયા ત્રીસ લાખ પૂરા–) નું વળતર અરજી કર્યા તારીખથી વાર્ષિક ૧૮%ના વ્યાજ સહિત તમામ સામાવાળાઓ પાસેથી સંયુકત તેમજ વિભકત રીતે વસુલ મેળવવા માટે અરજ ગુજારેલ છે.

(૩) સદર ત્રણેય વળતરઅરજીઓના કામે સામાવાળાઓને ધોરણસરની નોટિસની બજવણી થતાં તમામ વળતરઅરજીઓના કામે સામાવાળા નં.૧,૨ તેઓના વિ.વ.શ્રી એ.એચ.સોલંકી મારફતે તેમજ સામાવાળા નં.૩– ટાટા એઆઈજી જનરલ ઈન્સ્યોરન્સ કાું લિ. તેઓના વિ.વકીલ શ્રી વી.કે.કકકડ, વિ.વ.શ્રી જે.યુ.ઠકકર મારફતે હાજર થયેલ છે.

(૪) સામાવાળા નં.૧, ૨ તરફે એમ.એ.સી.પી. નં.–૧૦/૨૦૨૨ના કામે આંક–૯ થી, એમ.એ.સી.પી. નં.–૧૪/૨૦૨૨ના કામે આંક–૧૨ થી તથા એમ.એ.સી.પી. નં.–૧૫/૨૦૨૨ના કામે આંક–૧૨ થી વળતર અરજીનો લેખિત જવાબ રજૂ કરવામાં આવેલ છે. સદર લેખિત જવાબમાં અકસ્માત થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરી, અરજદારોની વળતરઅરજીની તમામ હકીકતોનો ઈન્કાર કરવામાં આવેલ છે. વધુમાં, સદર લેખિત જવાબમાં અકસ્માત થવામાં ટ્રકચાલક–સામાવાળા નં.૧ની બેદરકારી હોવાની હકીકતનો સંપૂર્ણ ઈન્કાર કરી, વળતરઅરજી મુજબનો અકસ્માત કારચાલક–મૈયત ભાવેશભાઈની સંપૂર્ણ નિષ્કાળજીના કારણે થયેલ હોવાની તેમજ અરજદારોની વળતરઅરજીઓને પક્ષકારોના બિનજોડાણનો બાધ નડતો હોવાની હકીકતો જણાવેલ છે. વધુમાં, સદર લેખિત જવાબમાં–ઈજા પામનાર/ગુજરનારની આવક, ઉંમર, ઈજા પામનારે ઈજા અંગે કરાવેલ સારવાર, તે અંગે કરેલ ખર્ચ, અકસ્માતના કારણે

ઈજા પામનારને રહેલ કાયમી ખોડ, સામાવાળાની અરજદારોને વળતર ચૂકવવાની જવાબદારી વિગેરે મુદ્દા અંગે અરજીમાં જણાવેલ હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે તેમજ અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક અકસ્માત સમયે સામાવાળા નં.૩ ની વીમા કંપનીમાં વીમાકૃત હોઈ, જો અરજદારોને વળતર ચૂકવવાની જવાબદારી ઉભી થાય તો તેવું વળતર ચૂકવવા સામાવાળા નં.૩ – વીમા કંપની જવાબદાર બનતા હોવાની હકીકત જણાવી, અરજદારોની હાલની વળતરઅરજીઓ ખર્ચ સહિત રદ કરવા અરજ ગુજારેલ છે.

(૫) સામાવાળા નં.૩ –ટાટા એઆઈજી જનરલ ઈન્સ્યોરન્સ કું લિ. તરફે એમ.એ.સી.પી. નં.–૧૦/૨૦૨૨ના કામે આંક–૧૦ થી, એમ.એ.સી.પી. નં.–૧૪/૨૦૨૨ના કામે આંક–૧૨ થી તથા એમ.એ.સી.પી. નં.–૧૫/૨૦૨૨ના કામે આંક–૧૩ થી વળતર અરજીનો લેખિત જવાબ રજૂ કરવામાં આવેલ છે. સદર લેખિત જવાબમાં અરજદારોની વળતરઅરજીની તમામ હકીકતોનો ઈન્કાર કરવામાં આવેલ છે. વધુમાં, સદર લેખિત જવાબમાં અકસ્માત થવામાં ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ના ચાલક–સામાવાળા નં.૧ની બેદરકારી હોવાની હકીકતનો સંપૂર્ણ ઈન્કાર કરી, વળતરઅરજી મુજબનો અકસ્માત કાર નં. જી.જે.૧૧ એબી ૯૦૯૭ના ચાલક–મૈચત ભાવેશભાઈની સંપૂર્ણ નિષ્કાળજીના કારણે થયેલ હોવાની હકીકતો જણાવી, અરજદારો સામાવાળા નં.–૩ વીમા કંપની પાસેથી કોઈપણ પ્રકારનું વળતર મેળવવા હકદાર બનતા ન હોવાનું જણાવેલ છે. વધુમાં, સદર લેખિત જવાબમાં અરજદારોની વળતરઅરજીઓને જરૂરી પક્ષકારોના બિનજોડાણનો બાધ નડતો હોવાની, ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ના ચાલક અકસ્માત સમયે કાનૂનમાન્ય ડ્રાઈવીંગ લાઈસન્સ ધરાવતાં ન હોઈ, વીમા પોલીસીની શરતોના ભંગ થતો હોવાની હકીકતો જણાવી, ઈજા પામનાર/ગુજરનારની આવક, ઉંમર, ઈજા પામનારને થયેલ ઈજા, ઈજા પામનારે ઈજા અંગે કરાવેલ સારવાર, તે અંગે કરેલ ખર્ચ, અકસ્માતના કારણે ઈજા પામનારને રહેલ કાયમી ખોડ, સામાવાળાની અરજદારોને વળતર ચૂકવવાની જવાબદારી વિગેરે મુદ્દા અંગે અરજીમાં જણાવેલ હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરી, અરજદારોની હાલની વળતરઅરજીઓ ખર્ચ સહિત રદ કરવા લેખિત

જવાબમાં અરજ ગુજારેલ છે.

(૬) પક્ષકારોના પક્ષનિવેદનના આધારે એમ.એ.સી.પી. નંબર–૧૦/૨૦૨૨ના કામે આંક–૧૫થી મુદ્દાઓ કાઢવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

**<u>-:: મુદ્દા ::-</u>**

(1) Whether the claimant prove/s that he/she sustained serious and grievous injuries as stated in the claim petition due to rash and negligent driving of driver/s of the vehicle/s involved in the accident ?

(2) Whether the claimant prove/s that he/she entitled to get compensation ? If yes, what extent and from whom ?

(3) What Order and Award ?

(૭) એમ.એ.સી.પી. નંબર–૧૪/૨૦૨૨ના કામે આંક–૧૪ થી તથા એમ.એ.સી.પી. નંબર–૧૫/૨૦૨૨ ના કામે આંક–૧૮ થી મુદ્દાઓ કાઢવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

**<u>-:: મુદ્દા ::-</u>**

(1) Whether the petitioner/s prove/s that, the deceased died due to serious injuries sustained by him in a vehicular accident due to rash and negligent driving of driver/s of the vehicle/s involved in the accident ?

(2) Whether the petitioner/s is/are entitled to get compensation ? If yes, to what extent and from whom ?

(3) What order and Award ?

(૮) એમ.એ.સી.પી. નંબર–૧૦/૨૦૨૨, એમ.એ.સી.પી. નંબર–૧૪/૨૦૨૨ તથા એમ.એ.સી.પી. નંબર–૧૫/૨૦૨૨ ના કામે ઘડવામાં આવેલ ઉપરોકત મુદ્દા નં.(૧) થી (૩)ના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) ઠરાવ્યા મુજબ હકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

(૩) આખરી હુકમ મુજબ.

(૯) સદર કામે અરજદાર તરફે તેઓની અરજીના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**એમ.એ.સી.પી. નંબર–૧૦/૨૦૨૨ :–**

**મૌખિક પુરાવોઃ-**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદાર જયવંતસિંહ રવુભા ગોહીલનું પુરાવાનું સોગંદનામું | ૧૮ |

**દસ્તાવેજી પુરાવોઃ–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અકસ્માત અંગેની એફ.આઈ.આરની નકલ | ૩૧ |
| ૨. | બનાવવાળી જગ્યાના પંચનામાની નકલ | ૩૨ |
| ૩. | બીમ્સ હોસ્પિટલ, ભાવનગર દ્વારા અરજદારને આપવામાં આવેલ ડિસ્ચાર્જ સમરી | ૩૩ |
| ૪. | અકસ્માતમાં થયેલ ઈજાઓ અંગે અરજદારે કરાવેલ એકસ–રેના રીપોર્ટ (નંગ–૨) | ૩૪ |
| ૫. | અરજદારના આકારણી વર્ષ ૨૦૨૧–૨૨ના ઈન્કમટેક્ષ રીટર્નની નકલ | ૩૫ |
| ૬. | અરજદારના આધારકાર્ડની નકલ (ઝેરોક્ષ) | ૩૬ |
| ૭. | કારચાલકના ડ્રાઈવીંગ લાઇસન્સની નકલ (ઝેરોક્ષ) | ૩૭ |
| ૮. | કાર નં. જી.જે.૧૧ એ.બી. ૯૦૯૭ની આર.સી.બુકની નકલ (ઝેરોક્ષ) | ૩૮ |
| ૯. | કાર નં. જી.જે.૧૧ એ.બી. ૯૦૯૭ની વીમા પોલીસીની | ૩૯ |

| | | |
|---|---|---|
| | નકલ (ઝેરોક્ષ) | |
| ૧૦. | સામાવાળા નં.૧ ના ડ્રાઈવીંગ લાઇસન્સની નકલ | ૪૦ |
| ૧૧. | અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ની આર.સી.બુકની નકલ | ૪૧ |
| ૧૨. | અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ના ફિટનેસ સર્ટિફિકેટની નકલ | ૪૨ |
| ૧૩. | અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ની ગુડસ્ પરમીટની નકલ | ૪૩ |
| ૧૪. | અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ના પી.યુ.સી.ની નકલ | ૪૪ |
| ૧૫. | અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ની વીમા પોલીસીની નકલ | ૪૫ |
| ૧૬. | અરજદારના પાનકાર્ડની નકલ | ૪૬ |
| ૧૭. | અરજદારના એકસીસ બેંક, તળાજામાં આવેલ બેંક ખાતાની પાસબુકના મુખ્ય પાનાની ખરી નકલ | ૪૭ |
| ૧૮. | અકસ્માત અંગે સામાવાળા નં.૧–વલ્લભભાઇ સોંડાભાઇ મકવાણા વિરુધ્ધ દાખલ થયેલ ચાર્જશીટની ખરી નકલ | ૪૮ |
| ૧૯. | બીમ્સ હોસ્પિટલ, ભાવનગર દ્વારા અરજદારને આપવામાં આવેલ ડિસ્ચાર્જ સમરી(અસલ) | ૪૯ |
| ૨૦. | અરજદારના એકસ–રેના રીપોર્ટ (નંગ–૪) (અસલ) | ૫૦ |
| ૨૧. | અરજદારનું ખોડનું પ્રમાણપત્ર(અસલ) | ૫૧ |
| ૨૨. | અરજદારે કરાવેલ તબીબી સારવાર, દવા વિગેરે અંગેના બીલ, રસીદ વિગેરે.(અસલ) (રૂા.૨,૩૫,૨૪૦/–ની રકમના) | ૫૨ |

**એમ.એ.સી.પી. નંબર–૧૪/૨૦૨૨ :–**

**મૌખિક પુરાવોઃ-**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | અરજદાર નં. ૨ મનોજભાઈ વશરામભાઈ બારૈયાનું પુરાવાનું સોગંદનામું | ૧૭ |

**દસ્તાવેજી પુરાવોઃ–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અકસ્માત અંગેની એફ.આઈ.આરની ખરી નકલ | ૪૯ |
| ૨. | બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ | ૫૦ |
| ૩. | ગુજરનાર ભાવેશભાઈ વશરામભાઈ બારૈયાની લાશના ઈન્કવેસ્ટ પંચનામાની ખરી નકલ | ૫૧ |
| ૪. | ગુજરનાર ભાવેશભાઈ વશરામભાઈ બારૈયાની લાશના પી.એમ. રીપોર્ટની ખરી નકલ | ૫૨ |
| ૫. | અરજદાર નં. ૧ થી ૩ના આધારકાર્ડની નકલ | ૫૩ |
| ૬. | ગુજરનાર ભાવેશભાઈ વશરામભાઈ બારૈયાના ડ્રાઈવિંગ લાઈસન્સની નકલ (ઝેરોક્ષ) | ૫૪ |
| ૭. | કાર નં. જી.જે.૧૧ એ.બી. ૯૦૯૭ની આર.સી.બુકની નકલ (ઝેરોક્ષ) | ૫૫ |
| ૮. | કાર નં. જી.જે.૧૧ એ.બી. ૯૦૯૭ની વીમા પોલીસીની નકલ (ઝેરોક્ષ) | ૫૬ |
| ૯. | સામાવાળા નં.૧ ના ડ્રાઇવીંગ લાઇસન્સની નકલ | ૫૭ |
| ૧૦. | અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ની આર.સી.બુકની નકલ | ૫૮ |
| ૧૧. | અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ના ફિટનેસ સર્ટિફિકેટની નકલ | ૫૯ |
| ૧૨. | અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ની ગુડસ્ પરમીટની નકલ | ૬૦ |
| ૧૩. | અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ના પી.યુ.સી.ની નકલ | ૬૧ |
| ૧૪. | અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ની વીમા પોલીસીની નકલ | ૬૨ |
| ૧૫. | અરજદાર નં. ૧ થી ૩ના પાનકાર્ડની અરજી/પાનકાર્ડની નકલ | ૬૩ |
| ૧૬. | અરજદાર નં. ૧ થી ૩ના સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, તળાજામાં આવેલ બેંક ખાતાની પાસબુકના મુખ્ય પાનાની ખરી નકલ | ૬૪ |
| ૧૭. | અકસ્માત અંગે સામાવાળા નં.૧–વલ્લભભાઇ સોંડાભાઇ મકવાણા વિરુધ્ધ દાખલ થયેલ ચાર્જશીટની ખરી નકલ | ૬૫ |

## એમ.એ.સી.પી. નંબર–૧૫/૨૦૨૨ :–

### મૌખિક પુરાવોઃ-

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદાર નં. ૧ હર્ષાબેન પ્રવિણભાઈ પરમારનું પુરાવાનું સોગંદનામું | ૨૧ |

### દસ્તાવેજી પુરાવોઃ–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અકસ્માત અંગેની એફ.આઈ.આરની ખરી નકલ | ૩૧ |
| ૨. | બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ | ૩૨ |
| ૩. | ગુજરનાર પ્રવિણભાઈ નાથાભાઈ પરમારની લાશના ઈન્કવેસ્ટ પંચનામાની ખરી નકલ | ૩૩ |
| ૪. | ગુજરનાર પ્રવિણભાઈ નાથાભાઈ પરમારની લાશના પી.એમ. રીપોર્ટની ખરી નકલ | ૩૪ |
| ૫. | ગુજરનાર પ્રવિણભાઈ તથા અરજદાર નં. ૧ થી ૪ના આધારકાર્ડની નકલ | ૩૫ |
| ૬. | કારચાલકના ડ્રાઈવિંગ લાઈસન્સની નકલ (ઝેરોક્ષ) | ૩૬ |
| ૭. | કાર નં. જી.જે.૧૧ એ.બી. ૯૦૯૭ની આર.સી.બુકની નકલ (ઝેરોક્ષ) | ૩૭ |
| ૮. | કાર નં. જી.જે.૧૧ એ.બી. ૯૦૯૭ની વીમા પોલીસીની નકલ (ઝેરોક્ષ) | ૩૮ |
| ૯. | સામાવાળા નં.૧ ના ડ્રાઈવીંગ લાઈસન્સની નકલ | ૩૯ |
| ૧૦. | અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ની આર.સી.બુકની નકલ | ૪૦ |
| ૧૧. | અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ના ફિટનેસ સર્ટિફિકેટની નકલ | ૪૧ |
| ૧૨. | અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ની ગુડસ્ પરમીટની નકલ | ૪૨ |
| ૧૩. | અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ના પી.યુ.સી.ની નકલ | ૪૩ |

| | | |
|---|---|---|
| ૧૪. | અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ની વીમા પોલીસીની નકલ | ૪૪ |
| ૧૫. | ગુજરનાર પ્રવિણભાઈ તથા અરજદાર નં. ૧ થી ૪ના પાનકાર્ડની અરજી/પાનકાર્ડની નકલ | ૪૫ |
| ૧૬. | અરજદાર નં. ૧ થી ૪ના સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, તળાજામાં આવેલ બેંક ખાતાની પાસબુકના મુખ્ય પાનાની ખરી નકલ | ૪૬ |
| ૧૭. | અકસ્માત અંગે સામાવાળા નં.૧–વલ્લભભાઈ સોંડાભાઈ મકવાણા વિરુધ્ધ દાખલ થયેલ ચાર્જશીટની ખરી નકલ | ૪૭ |

(૧૦) અરજદાર તરફે એમ.એ.સી.પી. નંબર–૧૦/૨૦૨૨ના કામે આંક–૫૩થી, એમ.એ.સી.પી. નંબર–૧૪/૨૦૨૨ ના કામે આંક–૬૬થી તથા એમ.એ.સી.પી. નંબર–૧૫/૨૦૨૨ના કામે આંક–૪૮થી કલોઝીંગ પુરશીસ રજૂ કરવામાં આવેલ છે.

(૧૧) અરજદાર તરફે કલોઝીંગ પુરશીસ રજૂ થતાં કામ સામાવાળાના પુરાવા માટે મુલતવી રાખેલ. સામાવાળા નં.૧, ૨ તરફે એમ.એ.સી.પી. નંબર–૧૦/૨૦૨૨, ૧૪/૨૦૨૨ તથા ૧૫/૨૦૨૨ના કામે કોઈપણ જાતનો મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.

(૧૨) સામાવાળા નં.૩ – ટાટા એઆઈજી જનરલ ઈન્સ્યોરન્સ કું. લિ. તરફે વળતરઅરજીઓના કામે કોઈપણ જાતનો મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કર્યા સિવાય એમ.એ.સી.પી. નંબર–૧૦/૨૦૨૨ના કામે આંક–૫૪થી, એમ.એ.સી.પી. નંબર–૧૪/૨૦૨૨ ના કામે આંક–૬૭થી તથા એમ.એ.સી.પી. નંબર–૧૫/૨૦૨૨ના કામે આંક–૪૯થી કલોઝીંગ પુરશીસ રજૂ કરતાં કામ પક્ષકારોની દલીલ સાંભળવા માટે મુલતવી રાખવામાં આવેલ.

(૧૩) એમ.એ.સી.પી. નંબર–૧૦/૨૦૨૨, ૧૪/૨૦૨૨ તથા ૧૫/૨૦૨૨ના કામે અરજદારો તરફે વિ.વ.શ્રી કે.વી.વૈદ્યની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. તેઓએ બેદરકારી, જવાબદારી, વળતરના પ્રમાણ વિગેરે મુદ્દા અંગે

વિગતવારની રજૂઆત કરી, અરજદારોને વળતરઅરજીમાં માંગણી કર્યા મુજબની રકમનું વળતર સામાવાળાઓ પાસેથી અપાવવા અરજ ગુજારેલ છે. વધુમાં, અરજદાર તરફે તેઓની રજૂઆતના સમર્થનમાં એમ.એ.સી.પી. નં.૧૦/૨૦૨૨ના કામે આંક–૫૫ના લિસ્ટથી નીચે મુજબની ઓથોરીટીઓ રજૂ કરવામાં આવેલ છે, જે તમામ વંચાણે લઈ ધ્યાને લેવામાં આવેલ છે.

––– એ.આઇ.આર ૨૦૨૦ સુ.કો. ૩૦૭૬ (સુપ્રીમકોર્ટ)
યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિમીટેડ વિરુધ્ધ સતિન્દર કૌર ઉર્ફે સત્વીન્દર કૌર અને બીજાઓ

––– આર/ફર્સ્ટ અપીલ નં.૯૧૨/૨૦૧૫ (ગુજરાત હાઈકોર્ટ)
ન્યુ ઈન્ડિયા એસ્યોરન્સ કંપની લિમીટેડ વિરુધ્ધ ઝવેરભાઇ ઉર્ફે દુર્લભભાઈ છનાભાઈ આહિર અને બીજાઓ

––– સિવિલ અપીલ નં. ૯૧૯૬–૯૧૯૭/૨૦૧૯ (સુપ્રીમકોર્ટ)
માલારવીઝી અને બીજાઓ વિરુધ્ધ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિમીટેડ અને બીજાઓ

––– સિવિલ અપીલ નં. ૯૦૧૪/૨૦૨૨ (સુપ્રીમકોર્ટ)
શ્રીમતી અંજલિ અને બીજાઓ વિરુધ્ધ લોકેન્દ્ર રાઠોડ અને બીજાઓ

––– આર/ફર્સ્ટ અપીલ નં.૨૮૭૮/૨૦૨૨ (ગુજરાત હાઈકોર્ટ)
સુશીલાબેન સુરેશભાઈ જાની વિરુધ્ધ ભાવેશભાઈ કરશનભાઈ પ્રજાપતિ

––– આર/ફર્સ્ટ અપીલ નં.૩૫૮૨/૨૦૧૩ (ગુજરાત હાઈકોર્ટ)
મનુભાઈ માનસીંગ વાઘેલા અને બીજાઓ વિરુધ્ધ ઈબ્રાહીમભાઈ ગફુરભાઈ વોરા અને બીજાઓ

(૧૪) સામાવાળા નં.૩– ટાટા એઆઈજી જનરલ ઈન્સ્યોરન્સ કાું લિ. તરફે એમ.એ.સી.પી. નંબર–૧૦/૨૦૨૨ના કામે આંક–૫૮થી લેખિત દલીલ રજૂ કરેલ છે તેમજ સદર લેખિત દલીલને એમ.એ.સી.પી. નંબર–૧૪/૨૦૨૨ તથા ૧૫/૨૨ના કામે ધ્યાને લેવા અંગે એમ.એ.સી.પી. નંબર–૧૪/૨૦૨૨ના કામે આંક–૬૯થી તેમજ એમ.એ.સી.પી. નંબર– ૧૫/૨૦૨૨ના કામે આંક–૫૧થી પુરશીસ રજૂ કરેલ છે. સદર લેખિત દલીલ મુજબ તેઓની રજૂઆત છે કે સદર

કામે બનાવ સમયે ગુજરનાર ભાવેશભાઈ કાર ચલાવતાં હતા, તે સમયે નેશનલ હાઈવે દ્વારા સામેનો રોડ બંધ રાખવામાં આવેલ હોઈ અને ગુજરનાર ભાવેશભાઈએ કાર રોડની વચ્ચોવચ ચલાવેલ હોવાના કારણે રોડની વચ્ચોવચ કાર તથા ટ્રક સામસામે ભટકાવવાથી અકસ્માત થયેલ છે. જેથી, સદર કામે વળતરની રકમમાંથી કારની ૫૦% બેદરકારી બાદ કરવા અરજ કરેલ છે. વધુમાં, સદર લેખિત દલીલમાં વળતર અંગેની જવાબદારી, વળતરના પ્રમાણ, વ્યાજના દર વિગેરે મુદ્દા સંબંધિત વિગતવાર રજૂઆત કરી, વળતરઅરજીઓના કામે સામાવાળા નં.૧,૨ ને અકસ્માત વળતરની કુલ રકમના ૫૦% લેખે ચુકવવા અંગે હુકમ કરવા અરજ ગુજારેલ છે.

-:: કારણો ::-

**મુદ્દા નંબર (૧) :–**

**બેદરકારી અંગેઃ–**

**એમ.એ.સી.પી. નંબર–૧૦/૨૦૨૨, ૧૪/૨૦૨૨ તથા ૧૫/૨૦૨૨ઃ–**

(૧૫) આ કામના અરજદારોએ પોતાની વળતર અરજીઓમાં તા.૧૬/૦૪/૨૦૨૨ના રોજ સવારે ૧૦/૦૦ વાગ્યાના સુમારે ગુજરનાર પ્રવીણભાઈ, ઈજા પામનાર જયવંતસિંહ તથા અન્યને લઈને મૈયત ભાવેશભાઈ તળાજાથી ભાવનગર જવા માટે કાર નં. જી.જે.૧૧ એબી ૯૦૯૭ની તદ્દ્ન રોડની સાઈડમાં અને ધીમી ગતિએ ચલાવીને જતા હતા ત્યારે તણસા પાસેના બાયપાસ રોડ પર પહોંચવા દરમિયાન સામાવાળા નં.૧ નાએ પોતાના કબજાની ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ની પૂરઝડપે, ગફલતભરી રીતે, બેદરકારીથી હંકારીને રોંગ સાઈડે સામેથી આવીને કાર સાથે ભટકાવી દઈ અકસ્માત કરેલ હોવાની અને સદર અકસ્માતમાં કારમાં બેસેલા પ્રવિણભાઈનું તથા કારચાલક ભાવેશભાઈનું અકસ્માતમાં થયેલ ગંભીર ઈજાઓના કારણે સ્થળ પર મરણ થયેલ થયેલ હોવાનું તેમજ કારમાં બેસેલા અરજદાર જયવંતસિંહને ગંભીર પ્રકારની ઈજાઓ થયેલી હોવાનું જણાવી, મોટર વ્હીકલ એકટની જોગવાઈ મુજબ વળતર મેળવવા માંગણી કરેલ હોઈ અકસ્માતમાં સંડોવાયેલ વાહનના ચાલકની બેદરકારી પુરવાર કરવાનો બોજો અરજદારોના શિરે રહેલ છે. જો કે મોટર વ્હીકલ એકટ લાભકારક

હેતુ માટેનો કાયદો હોઇ અને આ કાયદા અન્વયે સંક્ષિપ્તમાં કાર્યવાહી કરવાની રહેતી હોઇ અરજદારોએ વાહનચાલકની બેદરકારીના કારણે અકસ્માત થયેલ હોવાની હકીકત ફોજદારી કાર્યવાહીના સિધ્ધાંત મુજબ નિ:શંકપણે પુરવાર કરવાની રહેતી નથી, પરંતુ અરજદારોએ આક્ષેપિત વાહનના ઉપયોગથી કે વાહન ચાલકના બેદરકારીભર્યા વાહન ચલાવવાના કારણે અકસ્માત થયેલ છે તેવું સંભાવનાના પ્રાબલ્યના સિધ્ધાંત મુજબ પુરવાર કરવાનું રહે છે.

(૧૬) એમ.એ.સી.પી. નંબર–૧૦/૨૦૨૨ના કામે અરજદાર જયવંતસિંહ રવુભા ગોહિલે આંક–૧૮થી, એમ.એ.સી.પી. નંબર–૧૪/૨૦૨૨ના કામે અરજદાર નં.૨ મનોજભાઇ વશરામભાઇ બારૈયાએ આંક–૧૭થી તથા એમ.એ.સી.પી. નંબર–૧૫/૨૦૨૨ના કામે અરજદાર નં.૧ હર્ષાબેન પ્રવીણભાઇ પરમારે આંક–૨૧થી જુબાની આપેલ છે તે મુજબ બનાવ તા.૧૬/૦૪/૨૦૨૨ના રોજ સવારેના ૧૦/૦૦ વાગ્યાના સુમારે ગુજરનાર પ્રવીણભાઇ, ઇજા પામનાર જયવંતસિંહ તથા અન્યને લઇને મૈયત ભાવેશભાઇ તળાજાથી ભાવનગર જવા માટે કાર નં. જી.જે.૧૧ એબી ૯૦૯૭ની તદ્દન રોડની સાઇડમાં અને ધીમી ગતિએ ચલાવીને જતા હતા ત્યારે તણસા પાસેના બાયપાસ રોડ પર પહોંચવા દરમિયાન સામાવાળા નં.૧ નાએ પોતાના કબજાની ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ની પૂરઝડપે, ગફલતભરી રીતે, બેદરકારીથી હંકારીને રોંગ સાઇડે સામેથી આવીને કાર સાથે ભટકાવી દઇ અકસ્માત કરતાં કારમાં બેસેલા પ્રવિણભાઇનું તથા કારચાલક ભાવેશભાઇનું અકસ્માતમાં થયેલ ગંભીર ઇજાઓના કારણે સ્થળ પર મરણ થયેલ હોવાની તેમજ કારમાં બેસેલા અરજદાર જયવંતસિંહને ગંભીર પ્રકારની ઇજાઓ થયેલ હોવાની હકીકત સ્પષ્ટપણે જણાવેલ છે.

(૧૬.૧) જો કે, સદર કામે સામાવાળા નં.૩–ટાટા એઆઇજી જનરલ ઇન્સ્યોરન્સ કં઼ું લિ. તરફે રજૂઆત છે કે સદર કામે કાર નં. જી.જે.૧૧ એબી ૯૦૯૭ના ચાલક–મૈયત ભાવેશભાઇએ અકસ્માત સમયે સામેની બાજુનો નેશનલ હાઇવેનો રસ્તો બંધ હોવા છતાં પોતાની કાર રોડની વચ્ચોવચ ચલાવેલ

હોવાના કારણે રોડની વચ્ચોવચ કાર તથા ટ્રક સામસામે ભટકાવવાથી અકસ્માત થયેલ હોઈ, અકસ્માત થવામાં કારચાલકની બેદરકારી રહેલી છે. આમ, પક્ષકારો તરફે બેદરકારી સંબંધિત પરસ્પર વિરોધાભાસી રજૂઆત કરવામાં આવેલ હોઈ, સદર મુદ્દા અંગે પક્ષકારો તરફે રજૂ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લઈ, તેનું સમગ્રપણે મૂલ્યાંકન કરવું જરૂરી બની રહે છે.

(૧૬.૨) સામાવાળા નં.૩–ટાટા એઆઇજી જનરલ ઈન્સ્યોરન્સ કાું લિ. તરફે થયેલ સદર રજૂઆત સંદર્ભે અરજદારોની ઉલટતપાસ લક્ષમાં લેતાં, અરજદારો પૈકી અરજદાર મનોજભાઈ વશરામભાઈ બારૈયા તથા હર્ષાબેન પ્રવીણભાઈ પરમાર અકસ્માત સમયે બનાવ સ્થળે હાજર ન હોવાની હકીકત ફલિત થાય છે. જેથી, અકસ્માત કોની બેદરકારીથી થયેલ છે તે નિર્ણિત કરવા માટે અકસ્માત સમયે હાજર અને અકસ્માતમાં ઈજા પામનાર અરજદાર જયવંતસિંહ રવુભા ગોહિલનો પુરાવો મહત્વનો બની રહે છે. અરજદાર જયવંતસિંહ રવુભા ગોહિલની સામાવાળા નં.૩–વીમા કંપની તરફે થયેલ ઉલટતપાસ લક્ષમાં લેતાં, અકસ્માત સમયે કાર ભાવેશભાઈ ચલાવતા હોવાની, અકસ્માત સમયે સામેના નેશનલ હાઈવેનું રોડ બનાવવાનું કામ ચાલુ હોઈ એક રોડ ચાલુ હોવાની તેમજ અકસ્માતમાં કાર અને ટ્રક સામસામે ભટકાયેલ હોવાની હકીકત ફલિત થાય છે. જો કે, સદર કામે અરજદાર જયવંતસિંહની સામાવાળા નં.૩–વીમા કંપની તરફે થયેલ ઉલટતપાસ દરમિયાન મૈયત ભાવેશભાઈની ભુલના કારણે અકસ્માત થયેલ હોવાની હકીકતનો સ્પષ્ટપણે ઈન્કાર કરવામાં આવેલ છે.

(૧૬.૩) વધુમાં, એમ.એ.સી.પી. નં.૧૦/૨૦૨૨ના કામે આંક–૩૧થી રજૂ એફ.આઈ.આર. લક્ષમાં લેતાં, ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ના ચાલકે પોતાની ટ્રક પૂરઝડપે, ગફલતભરી રીતે, બેદરકારીથી હંકારી લાવી, રોંગ સાઈડમાં આવી અકસ્માત કરેલ હોવાની અને સદર અકસ્માતમાં કારમાં બેસેલા પ્રવિણભાઈનું તથા કારચાલક ભાવેશભાઈનું અકસ્માતમાં થયેલ ગંભીર ઈજાઓના કારણે સ્થળ પર મરણ થયેલ હોવાની તેમજ કારમાં બેસેલા અરજદાર જયવંતસિંહને ગંભીર પ્રકારની ઈજાઓ થયેલી હોવાની હકીકત તેમાં સ્પષ્ટપણે જણાવવામાં આવેલ છે.

વળી, સદર ફરિયાદના કામે તપાસ થયા બાદ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ના ચાલક–સામાવાળા નં.૧ વિરુધ્ધ અકસ્માતના ગુના અંગે નામદાર અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલ હોવાની હકીકત એમ.એ.સી.પી. નં.૧૦/૨૦૨૨ના કામે આંક–૪૮ થી રજૂ ચાર્જશીટની ખરી નકલ વંચાણે લેતાં જણાઇ આવે છે. વધુમાં, સદર ચાર્જશીટની વિગત લક્ષમાં લેતાં, ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ના ચાલક–સામાવાળા નં.૧ નાએ પોતાના કબજાની ટ્રક તણસા ગામ પાસે આવેલ બાયપાસ રોડ પર રોંગ સાઇડમાંથી પૂરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી સામેથી આવતી સ્વીફ્ટ કાર સાથે ભટકાવી દઇ અકસ્માત કરેલ હોવાની અને સદર અકસ્માતમાં કારમાં બેસેલા પ્રવિણભાઇને તથા કારચાલક ભાવેશભાઇને ગંભીર ઇજાઓ થવાથી તેઓનું અવસાન થયેલ હોવાની તેમજ કારમાં બેસેલા અરજદાર જયવંતસિંહને ગંભીર પ્રકારની ઇજાઓ થયેલી હોવાની હકીકત સ્પષ્ટપણે જણાઇ આવે છે. આમ, અરજદાર જયવંતસિંહની સામાવાળા નં.૩–વીમા કંપની તરફે થયેલ ઉલટતપાસને એફ.આઇ.આર. તથા ચાર્જશીટની હકીકત સાથે સમગ્રપણે લક્ષમાં લેતાં, વળતરઅરજી મુજબનો અકસ્માત ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ના ચાલક–સામાવાળા નં.૧ ની સંપૂર્ણ બેદરકારીના કારણે થયેલ હોવાનું માનવાને કારણ રહે છે.

(૧૬.૪) વધુમાં, સામાવાળા નં.૩–વીમા કંપની તરફે કરવામાં આવેલ રજૂઆત મુજબ ટ્રક અને કાર સામસામે અથડાતાં અકસ્માત થયેલ હોવાની હકીકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ હોઇ, બેદરકારીનો મુદ્દો નિર્ણિત કરતી વખતે અકસ્માત સમયે બનાવસ્થળની સ્થિતિ, વાહનોની સ્થિતિ વિગેરે પણ ધ્યાને લેવા જરૂરી બની રહે છે. જેથી, સદર કામે પક્ષકારોના મૌખિક પુરાવાની સાથોસાથ ગુનાવાળી જગ્યાનું પંચનામું લક્ષમાં લઇ તેનું સમગ્રપણે મૂલ્યાંકન કરવું જરૂરી બની રહે છે. એમ.એ.સી.પી.નં.૧૦/૨૨ના કામે અરજદાર તરફે ગુનાવાળી જગ્યાનું પંચનામું આંક–૩૨ થી રજૂ કરવામાં આવેલ છે તે લક્ષમાં લેતાં, અકસ્માતવાળા સ્થળ તેમજ વાહનો સંબંધિત નીચે મુજબની પરિથિતિ/હકીકતો/સંજોગો જણાઇ આવે છે.

- **અકસ્માતવાળો રોડ ૩૬ ફૂટની પહોળાઇનો છે.**
- **રોડની પશ્ચિમ કિનારીએથી દસેક ફુટ એક સફેદ કલરની સ્વીફટ કાર નં. જી.જે.૧૧ એબી ૯૦૯૭ પડેલ છે.**
- **કારનો ડ્રાઇવર સાઇડનો ભાગ આગળથી પાછળના વીલ સુધી ચીરાઇ ગયેલ છે અને પતરા નીકળી ગયેલ છે.**
- **સ્વીફટ કારની બાજુમાં ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ની ભાવનગરથી તળાજા તરફના મોઢે ઊભેલ છે, જેના આગળના ભાગે બમ્પર તુટી ગયેલ અને નીકળી ગયેલ છે.**
- **આ અકસ્માતવાળી જગ્યાની બાજુમાં રોડની પશ્ચિમબાજુ બીજો રોડ બનાવેલ છે તે તરફથી બનાવ બનેલ તે રોડ તરફે આવવા માટે ડાયવર્ઝન આપેલ છે.**
- **ટ્રકચાલક સ્પીડથી ડાયવર્ઝનના રસ્તેથી અકસ્માતવાળા રોડ ઉપર આવતા અકસ્માત થયેલ છે.**

(૧૬.૪.૧) જેથી, સદર કામે ફરિયાદની હકીકત સાથે ગુનાવાળી જગ્યાના પંચનામા મુજબની ઉપરોકત તમામ પરિસ્થિતિ/સંજોગો લક્ષમાં લઇ તેનું સમગ્રપણે મૂલ્યાંકન કરતાં અકસ્માત સમયે ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ તથા કાર નં. જી.જે.૧૧ એબી ૯૦૯૭ સામસામે અથડાયેલ હોવાનું, અકસ્માતવાળો રોડ ૩૬ ફૂટની પહોળાઇનો હોવાનું, કાર નં. જી.જે.૧૧ એબી ૯૦૯૭ રોડની પશ્ચિમ કિનારીએથી દસેક ફુટ દુર હોવાનું તેમજ ટ્રકચાલક સ્પીડથી ડાયવર્ઝનના રસ્તેથી અકસ્માતવાળા રોડ ઉપર આવતા અકસ્માત થયેલ હોવાનું જણાઇ આવે છે.**આમ, ગુનાવાળી જગ્યાના પંચનામા મુજબ, અકસ્માત સમયે કાર નં. જી.જે.૧૧ એબી ૯૦૯૭ના ચાલક-ભાવેશભાઇ પોતાની સાઈડે કાર ચલાવતાં હોવાનું તેમજ ટ્રકચાલક સ્પીડથી ડાયવર્ઝનના રસ્તેથી અકસ્માતવાળા રોડ ઉપર આવતા અકસ્માત થયેલ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. વળી, ગુનાવાળી જગ્યાના પંચનામા મુજબ, ટ્રકના પાછળના ડ્રાઈવર સાઇડના વ્હીલથી રોડ ઉપર છ એક ફુટમાં બ્રેક માર્યાના લિસોટા પડેલ હોવાની હકીકત પરથી ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ના ચાલક અકસ્માત સમયે પોતાની ટ્રક પૂરઝડપે ચલાવતાં હોવાનું સ્વયં સ્પષ્ટપણે જણાઇ આવે છે. ટ્રક ભારે માલવાહક વાહન હોઈ,**

**સામાન્ય રીતે ડાઈવર્ઝન અપાયેલ હોય ત્યાંથી અન્ય રોડ તરફે જવા માટે ટ્રકચાલકે પોતાનું વાહન ધીમી ગતિએ તેમજ વધુ કાળજીપૂર્વક હંકારવું જોઈએ તેવું અપેક્ષિત બની રહે છે, પરંતુ પંચનામા મુજબ જે રીતે ડાયવર્ઝન અપાયેલ ત્યાંથી અન્ય રોડ પર જવા દરમિયાન અકસ્માત થયેલ છે તે જોતાં તેમજ અકસ્માત બાદ જે રીતે ટ્રક તેમજ કારની સ્થળ પર સ્થિતિ છે તે જોતાં ટ્રક ચાલક તેઓએ જે પ્રમાણમાં વધુ કાળજીપૂર્વક વાહન ચલાવવું જોઈતું હતું તેવી કાળજી દાખવવામાં સંપૂર્ણ નિષ્ફળ નીવડેલ હોવાનું જણાઈ આવે છે. જેથી, સદર તમામ હકીકતોને સમગ્રપણે લક્ષમાં લેતાં, ટ્રક અને કાર સામસામે અથડાતાં અકસ્માત થયેલ હોવા માત્રથી જ હાલનો અકસ્માત થવામાં કાર નં. જી.જે.૧૧ એબી ૯૦૯૭ના ચાલક–ભાવેશભાઈની બેદરકારીના કારણે થયેલ હોવાની કે અકસ્માત થવામાં કારચાલક–મૈયત ભાવેશભાઈની પણ બેદરકારી રહેલ હોવાની સામાવાળા નં.૩–વીમા કંપની તરફે થયેલ રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. જેથી, વિપરીત, અકસ્માતવાળો રોડ ૩૬ ફૂટ પહોળાઈ ધરાવતો રોડ હોવા છતાં તેવા રોડ ઉપર જે પરિસ્થિતિ/સંજોગોમાં રોડની કિનારીથી દસેક ફુટના અંતરે કાર અને ટ્રક વચ્ચે જે રીતે સામસામે અથડાતાં અકસ્માત થયેલ છે તે લક્ષમાં લેતાં, ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ના ચાલક–સામાવાળા નં.૧ની સંપૂર્ણ બેદરકારીના કારણે હાલનો અકસ્માત થયેલ હોવાનું માનવાને કારણ રહે છે.**

(૧૬.૫) વળી, ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ ના ચાલક–સામાવાળા નં.૧ને ટ્રીબ્યુનલ તરફથી નોટિસની બજવણી થયેલ હોવા છતાં તેમજ તેઓ વકીલશ્રી મારફતે ટ્રીબ્યુનલ સમક્ષ હાજર થયેલ હોવા છતાં તેઓ તરફે વળતરઅરજીના કામે અકસ્માત કઈ રીતે થયેલ છે તે સંબંધિત કોઈપણ પ્રકારનો મૌખિક પુરાવો રજૂ કરવામાં આવેલ નથી કે અરજદાર તરફે અકસ્માત સંબંધિત જણાવેલ મૌખિક હકીકતનું કે રજૂ દસ્તાવેજી પુરાવાનું ખંડન કરવામાં આવેલ નથી. સામાવાળા નં.૧ અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ ના ચાલક છે. તેઓ અકસ્માત કયા સંજોગોમાં, કેવી રીતે અને કોની બેદરકારીથી થયેલ છે તેવી હકીકત અંગે સંપૂર્ણ જાણકારી ધરાવનાર વ્યકિત હોઈ અને તેઓને તેવી હકીકત સંબંધે ટ્રીબ્યુનલ સમક્ષ રજૂઆત કરવા માટેની તક ઉપલબ્ધ હોવા છતાં

સામાવાળા નં.૧નાએ અકસ્માત કયા સંજોગોમાં, કેવી રીતે થયેલ છે તે સંબંધિત ટ્રીબ્યુનલ સમક્ષ કોઈપણ પ્રકારનો મૌખિક પુરાવો આપવાનું પસંદ કરેલ નથી.**આમ, સામાવાળા નં.૧ની સદર વર્તણૂંક લક્ષમાં લેતાં પણ વળતરઅરજી મુજબનો અકસ્માત તેઓની સંપૂર્ણ બેદરકારીના કારણે થયેલ હોવાનું માનવાને કારણ રહે છે.**

(૧૬.૬) એટલું જ નહિ, સામાવાળા નં.–૩ વીમા કંપની તરફે પણ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ ના ચાલક –સામાવાળા નં.૧ ને સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી કે અન્ય કોઈપણ જાતનો પુરાવો રજૂ કરી, બેદરકારી સંબંધિત અરજદાર તરફે રજૂ થયેલ પુરાવાનું ખંડન કરવામાં આવેલ નથી. જેથી, સદર કામે રજૂ અકસ્માત અંગેની ફરિયાદ, ચાર્જશીટ, બનાવવાળી જગ્યાનું પંચનામું તેમજ અરજદાર જયવંતસિંહનો ઉપરોકત ચર્ચા કર્યા મુજબનો મૌખિક પુરાવો સમગ્રપણે લક્ષમાં લઈ તેનું મૂલ્યાંકન કરતાં, અકસ્માતનો બનાવ જે રીતે બનેલ છે તે જોતાં, અકસ્માતનો બનાવ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ ના ચાલક –સામાવાળા નં.૧ ની સંપૂર્ણ બેદરકારીના કારણે બનેલ હોવાનું માનવાને કારણ રહે છે.

(૧૬.૭) વધુમાં, સદર કામે એમ.એ.સી.પી. નં.૧૦/૨૦૨૨ ના કામે આંક–૪૯થી રજૂ અરજદાર જયવંતસિંહ રવુભા ગોહિલની ડિસ્ચાર્જ સમરી તેમજ આંક–૫૧થી રજૂ ખોડનું પ્રમાણપત્ર લક્ષમાં લેતાં, અરજદાર જયવંતસિંહને સદર અકસ્માતમાં અસ્થિભંગસહિતની ઈજાઓ થયેલ હોવાનું જણાઈ આવે છે. વધુમાં, એમ.એ.સી.પી. નં.૧૪/૨૦૨૨ ના કામે આંક–૫૨થી રજૂ મૈયત ભાવેશભાઈ વશરામભાઈ બારૈયાની લાશના પી.એમ. રીપોર્ટની ખરી નકલ તેમજ એમ.એ.સી.પી. નં.૧૫/૨૦૨૨ ના કામે આંક–૩૪થી રજૂ મૈયત પ્રવીણભાઈ નાથાભાઈ પરમારની લાશના પી.એમ. રીપોર્ટની ખરી નકલ તેમજ તમામ અરજદારોનો મૌખિક પુરાવો લક્ષમાં લેતાં, સદર અકસ્માતમાં થયેલ ઈજાઓનાં કારણે ભાવેશભાઈ વશરામભાઈ બારૈયા તથા પ્રવીણભાઈ નાથાભાઈ પરમાર મરણ પામેલ હોવાનું જણાઈ આવે છે.

(૧૬.૮) જેથી, સદર કામે અરજદાર તરફે રજૂ ઉપરોકત ચર્ચા કર્યા મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો સમગ્રપણે ધ્યાને લેતાં, અકસ્માતનો બનાવ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ ના ચાલક –સામાવાળા નં.૧ ની સંપૂર્ણ બેદરકારીના કારણે બનેલ હોવાનું અને તેવા અકસ્માતમાં થયેલ ઈજાઓના કારણે ભાવેશભાઈ વશરામભાઈ બારૈયા તથા પ્રવીણભાઈ નાથાભાઈ પરમારનું મરણ થયેલ હોવાનું તેમજ અરજદાર જયવંતસિંહ રવુભા ગોહિલને ઈજાઓ થયેલ હોવાનું પુરવાર થતું હોઈ, હું એમ.એ.સી.પી. નં.૧૦/૨૦૨૨, એમ.એ.સી.પી. નં.૧૪/૨૦૨૨ તથા એમ.એ.સી.પી. નં.૧૫/૨૦૨૨ના કામે મુદ્દા નંબર (૧)નો નિર્ણય તે મુજબ હકારમાં ઠરાવું છું.

**મુદ્દા નંબર(૨) :–**

**વળતર અંગેઃ–**

(૧૭) સદર વળતરઅરજીઓના કામે અકસ્માતના કારણે અરજદાર જયવંતસિંહ રવુભા ગોહિલને ઈજાઓ થયેલ હોવાના કારણે તેમજ ભાવેશભાઈ વશરામભાઈ બારૈયા તથા પ્રવીણભાઈ નાથાભાઈ પરમાર અકસ્માતમાં થયેલ ઈજાઓના કારણે મરણ પામેલ હોઈ તે કારણસર તેઓને થયેલ નુકસાની અંગે અરજદારોએ વળતરની માંગણી કરેલ છે. ધી મોટર વ્હીકલ એકટની જોગવાઈઓ મુજબ વળતરની રકમ નિશ્ચિત કરતી વખતે ટ્રીબ્યુનલે ખૂબ જ ઉદાર કે ખૂબ જ ચુસ્ત વલણ અખત્યાર કરવાનું નથી, પરંતુ વળતરની રકમ ન્યાયી અને વાજબી હોય તે લક્ષમાં લઈને વળતરની રકમ મંજૂર કરવાની રહે છે.

**એમ.એ.સી.પી. નંબર–૧૦/૨૦૨૨ઃ–**

**(ઈજા પામનાર જયવંતસિંહ રવુભા ગોહિલ)**

**આવકઃ–**

વળતરની રકમ મંજૂર કરવા સંબંધિત સદર મૂળભૂત સિધ્ધાંતને ધ્યાને લઈ વળતરની રકમ નિશ્ચિત કરવા માટે સૌ પ્રથમ ઈજા પામનાર અરજદારની અકસ્માત સમયની આવક ધ્યાને લેવાની રહે છે. સદર કામે અરજદારના મૌખિક પુરાવા મુજબ અકસ્માત સમયે તેઓ વેપાર કરી માસિક રૂ.૨૫,૦૦૦/– જેટલી

આવક મેળવતા હતા. વધુમાં, અરજદાર તરફે તેઓની આવક પુરવાર કરવા માટે તેઓના આકારણી વર્ષ ૨૦૨૧–૨૨ ના ઈન્કમટેક્ષ રીટર્નની નકલ આંક–૩૫ થી રજૂ કરવામાં આવેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે આર/ફર્સ્ટ અપીલ નં.૨૮૭૮/૨૦૨૨ ''**સુશીલાબેન સુરેશભાઈ જાની વિરુધ્ધ ભાવેશભાઈ કરશનભાઈ પ્રજાપતિ**"" ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ, જો અરજદાર તરફે તેની આવક પુરવાર કરવા માટે ઈન્કમટેક્ષ રીટર્નની નકલ રજૂ કરવામાં આવેલ હોય ત્યારે અરજદારની આવક નિર્ણિત કરવા માટે તેને ધ્યાને લેવી જોઈએ. જેથી, નામદાર ગુજરાત હાઈકોર્ટના સદર ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતાં, અરજદારની આવક નિર્ણિત કરવા માટે આંક–૩૫થી રજૂ થયેલ ઈન્કમટેક્ષ રીટર્નની નકલ ધ્યાને લેવી યોગ્ય ગણી શકાય. અરજદાર તરફે આંક–૩૫ થી રજૂ આકારણી વર્ષ ૨૦૨૧–૨૨ની ઈન્કમટેક્ષ રીટર્નની નકલ લક્ષમાં લેતાં, અરજદારની વાર્ષિક આવક રૂ.૨,૭૬,૯૪૦/– હોવાનું જણાઈ આવે છે. જેથી, અકસ્માતના સમયગાળા પહેલાના અરસામાં અરજદારની વાર્ષિક આવક રૂ.૨,૭૬,૯૪૦/– હોવાનું પુરવાર થયેલ હોઈ, અકસ્માત સમયે અરજદારની માસિક આવક રૂ.૨૩,૦૮૦/–(દસના ગુણાંકમાં ગણતા) હોવાનું ઠરાવવામાં આવે છે.

**ઉંમર અને ગુણાંકઃ–**

એમ.એ.સી.પી. નં.૧૦/૨૦૨૨ના કામે કામેઅરજદાર જયવંતસિંહ રવુભા ગોહિલના આધાર કાર્ડની નકલ આંક–૩૬થી રજૂ કરવામાં આવેલ છે. સદર આધાર કાર્ડમાં અરજદારની જન્મ તારીખ ૧૮/૦૪/૧૯૮૨ જણાવેલ છે. અકસ્માતનો બનાવ તા.૧૬/૦૪/૨૦૨૨ના રોજ બનેલ છે. જેથી, અકસ્માત સમયે અરજદારની વય ૩૯ વર્ષ ૧૧ માસ ૨૮ દિવસની હોવાનું પુરવાર થાય છે. આમ, અરજદારની અકસ્માત સમયે ઉંમર ૩૯ વર્ષ ૧૧ માસ ૨૮ દિવસની હોવાનું પુરવાર થયેલ હોઈ, નામદાર સર્વોચ્ચ અદાલતે ૨૦૦૯ એસીજે ૧૨૯૮ ''**સરલા વર્મા અને બીજાઓ વિરુધ્ધ દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન અને બીજાઓ**""ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ, વળતરની રકમ નિર્ણિત કરતા સમયે ૧૫ નો ગુણાંક ધ્યાને લેવાનો રહે છે.

**કાયમી આંશિક ખોડઃ–**

સદર કામે અરજદાર તરફે આાંક–૫૧થી એડવાન્સ ઓર્થોપેડીક એન્ડ ફ્રેકચર કેર હોસ્પિટલના ડોકટરશ્રીએ આપેલ ખોડનું પ્રમાણપત્ર રજૂ કરેલ છે. સદર પ્રમાણપત્રમાં અકસ્માતના કારણે અરજદારને નીચલા અંગમાં ૨૩.૩% કાયમી ખોડ રહેલ હોવાનું જણાવેલ છે. જો કે અરજદાર તરફે આંક–૩૦ થી ખોડ અંગેનું પુરશીસ રજૂ કરેલ છે. સદર પુરશીસ ઉપર સામાવાળા નં.૩–વીમા કંપની તરફે બોડી એઝ હોલ ૧૧% ખોડ ગણવામાં આવે તો વાંધો ન હોવા અંગે શેરો કરવામાં આવેલ છે. જેથી, આંક–૫૧ નું ખોડનું પ્રમાણપત્ર, અરજદાર તરફે આંક–૩૦થી રજુ પુરશીસ તેમજ સદર પુરશીસ ઉપર સામાવાળા નં.૩ –વીમા કંપની તરફે કરવામાં આવેલ શેરો તેમજ અરજદારને થયેલ ઈજાઓ વિગેરેને સમગ્રપણે લક્ષમાં લેતાં, અરજદારને અકસ્માતના કારણે સમગ્ર શરીરની કાયમી ખોડ ૧૧% રહેલ હોવાનું માનવામાં આવે છે.

**ભવિષ્યની આવકની નુકસાનીઃ–**

અરજદારને થયેલ ભવિષ્યની આવકની નુકસાની અકસ્માત સમયે અરજદારની આવક, ઉંમર સંબંધિત નામદાર સર્વોચ્ચ અદાલતે ૨૦૦૯ એસીજે ૧૨૯૮ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબનો ગુણાંક, અકસ્માતના કારણે અરજદારને રહેલ ખોડ વિગેરે ધ્યાને લઈ નિર્ણિત કરવાની રહે છે. જેથી, અગાઉ ઉપર ચર્ચા કર્યા મુજબ અરજદારની માસિક આવક રૂા.૨૩,૦૮૦/– ઠરાવવામાં આવેલ હોઈ તેમજ અરજદારની અકસ્માત સમયે ઉંમર ૩૯ વર્ષ ૧૧ માસ ૨૮ દિવસની હોવાનું પુરવાર થયેલ હોઈ ૧૫ નો ગુણાંક ગણતાં તેમજ અરજદારને અકસ્માતના કારણે સમગ્ર શરીરની ૧૧% ખોડ રહેલ હોવાનું ગણવામાં આવતાં અરજદાર ભવિષ્યની આવકની નુકસાની પેટે રૂા.૪,૫૬,૯૮૪/– (૨૩,૦૮૦ × ૧૨ × ૧૫ × ૧૧/૧૦૦= ૪,૫૬,૯૮૪) મેળવવા હકદાર બને છે.

**આવકની ખરેખરી નુકસાની:–**

સદર કામે અરજદારને અકસ્માતના કારણે થયેલ ઈજા, અરજદારનો કામનો પ્રકાર, અરજદારે ઈજા સંબંધે કરાવેલ સારવાર, આંક–૪૯ ની ડિસ્ચાર્જ સમરી વિગેરે લક્ષમાં લેતાં, અરજદાર બે માસ સુધી તેમનો કામધંધો કરી શકેલ ન હોય તેવું માનવાને કારણ રહે છે. જેથી, સદર હકીકત ધ્યાને લેતાં, અરજદાર આવકની ખરેખરી નુકસાની પેટે રૂા.૪૬,૧૬૦/–(૨૩,૦૮૦×૨ માસ=૪૬,૧૬૦/–) મેળવવા હકદાર બને છે.

**તબીબી ખર્ચ:–**

અરજદારે તેઓને અકસ્માતમાં થયેલ ઈજાની તબીબી સારવારમાં રૂા.૫,૦૦,૦૦૦/–જેટલો ખર્ચ થયેલ હોવાની હકીકત તેમના સોગંદનામામાં જણાવેલ છે. જો કે અરજદાર તરફે તેઓએ કરાવેલ તબીબી સારવાર, દવા વિગેરે અંગેના અસલ બીલ, રસીદ વિગેરે (૮ નંગ) સદર કામે આંક–૫૨ થી રજૂ કરેલ છે તે લક્ષમાં લેતાં, અરજદાર તરફે રૂા.૨,૩૫,૨૪૦/– ની રકમનાં જ બીલ રજૂ કરવામાં આવેલ છે. આમ છતાં, અરજદારને અકસ્માતમાં થયેલ ઈજા, ઈજા અંગે અરજદારે લીધેલ તબીબી સારવાર વિગેરે લક્ષમાં લેતાં અરજદારને તબીબી ખર્ચના મથાળા હેઠળ રૂા.૨,૩૯,૦૦૦/– વળતર પેટે અપાવવા યોગ્ય અને ન્યાયોચિત જણાય છે.

**પીડા, આઘાત અને વેદના:–**

અરજદારને અકસ્માતમાં થયેલ ઈજા, ઈજા અંગે અરજદારે લીધેલ તબીબી સારવાર, અકસ્માતનું વર્ષ વિગેરે લક્ષમાં લેતાં અરજદારને સહન કરવા પડેલ પીડા, આઘાત અને વેદના અંગેનાં મથાળા હેઠળ રૂા.૧૦,૦૦૦/– આપવા યોગ્ય અને ન્યાયોચિત જણાય છે.

**પૌષ્ટિક આહાર, એટેન્ડન્ટ અને વાહન વ્યવહારનો ખર્ચ:–**

અરજદારને અકસ્માતમાં થયેલ ઈજા, ઈજા અંગે અરજદારે લીધેલ તબીબી સારવાર, અકસ્માતનું વર્ષ વિગેરે લક્ષમાં લેતાં અરજદારને પૌષ્ટિક આહાર,

એટેન્ડન્ટ અને વાહન વ્યવહારનો ખર્ચ અંગેનાં મથાળા હેઠળ રૂા.૫,૦૦૦/– આપવા યોગ્ય અને ન્યાયોચિત જણાય છે.

(૧૮) આમ, ઉપર કરેલ ચર્ચા મુજબ, આ કામના અરજદાર જયવંતસિંહ રવુભા ગોહિલ વિવિધ મથાળા હેઠળ કુલ નીચે મુજબની રકમનું વળતર મેળવવા માટે હકદાર બને છે.

| **મથાળું** | **વળતરની રકમ** |
|---|---|
| ભવિષ્યની આવકની નુકસાની પેટે | રૂા. ૪,૫૬,૯૮૪/– |
| આવકની ખરેખરી નુકસાની પેટે | રૂા. ૪૬,૧૬૦/– |
| તબીબી ખર્ચ પેટે | રૂા. ૨,૩૯,૦૦૦/– |
| પીડા, આઘાત અને વેદનાના મથાળા હેઠળ | રૂા. ૧૦,૦૦૦/– |
| પૌષ્ટિક આહાર, એટેન્ડન્ટ અને વાહન વ્યવહારના ખર્ચ પેટે | રૂા. ૫,૦૦૦/– |
| **વળતરની કુલ રકમ** | **રૂા. ૭,૫૭,૧૪૪/–** |

**એમ.એ.સી.પી. નંબર–૧૪/૨૦૨૨:–**

**(ગુજરનાર ભાવેશભાઈ વશરામભાઈ બારૈયા)**

(૧૯) વળતરની રકમ મંજૂર કરવા સંબંધિત મૂળભૂત સિધ્ધાંતને ધ્યાને લઈ વળતરની રકમ નિશ્ચિત કરવા માટે સૌ પ્રથમ ગુજરનારની આવક ધ્યાને લેવાની રહે છે. સદર કામે અરજદાર નં.૨ મનોજભાઈ વશરામભાઈ બારૈયાના આંક–૧૭ના મૌખિક પુરાવા મુજબ અકસ્માત સમયે મૈયત ભાવેશભાઈ વશરામભાઈ બારૈયા કલરકામ કરી વાર્ષિક રૂા.૨૦,૦૦૦/– જેટલી આવક મેળવતા હતા. જો કે અરજદાર તરફે ગુજરનારની આવક અંગે કોઈપણ પ્રકારનો દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. જેથી, નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ ગુજરનારની નોશનલ ઈન્કમ ગણવી ન્યાયોચિત જણાય છે. જેથી, અકસ્માત સમયે ગુજરનારની વય, કામનો પ્રકાર, જે–તે સમયે પ્રવર્તમાન લઘુત્તમ વેતનના દર વિગેરે લક્ષમાં લઈ, ગુજરનારની નોશનલ ઈન્કમ માસિક રૂા.૮,૯૦૦/– આકારવામાં આવે તો તે વાજબી અને ન્યાયી ગણાશે.

વળતરની રકમ નિર્ણિત કરતા સમયે ગુજરનારની આવકમાં ભવિષ્યમાં થનાર સંભવિત વધારાને પણ લક્ષમાં લેવો જરૂરી બની રહે છે. સદર કામે અરજદારના મૌખિક પુરાવા મુજબ ગુજરનાર ભાવેશભાઇ વશરામભાઇ બારૈયા કલરકામ કરતાં હોઇ, ગુજરનાર ભાવેશભાઇ વશરામભાઇ બારૈયા સ્વરોજગારી ધરાવનાર વ્યકિત હોવાનું માનવાને કારણ રહે છે. વધુમાં, અરજદાર તરફે ગુજરનાર ભાવેશભાઇ વશરામભાઇ બારૈયાના ડ્રાઇવીંગ લાઇસન્સની નકલ સદર કામે આંક–૫૪થી રજૂ છે તે લક્ષમાં લેતાં, ગુજરનાર ભાવેશભાઇ વશરામભાઇ બારૈયાની જન્મ તા. ૧૦/૧૦/૧૯૯૪ ની હોઇ, અકસ્માત તા.૧૬/૦૪/૨૨નાં રોજ ગુજરનાર ભાવેશભાઇ વશરામભાઇ બારૈયાની ઉંમર ૨૭ વર્ષ ૬ માસ ૬ દિવસની હોવાનું પુરવાર થતું હોઇ એટલે કે ગુજરનાર અકસ્માત સમયે ૪૦ વર્ષથી ઓછી વયના હોઇ, નામદાર સર્વોચ્ચ અદાલતે ૨૦૧૭ એસીજે ૨૭૦૦ ''**નેશનલ ઇન્સ્યોરન્સ કંપની લિ. વિરુધ્ધ પ્રણય શેટ્ટી**" ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ, ગુજરનારની આકારેલ નોશનલ ઇન્કમના ૪૦% રકમ ફ્યુચર પ્રોસ્પેકટસ્ તરીકે વળતરની રકમ નિર્ણિત કરતા સમયે ઉમેરવાની રહે છે. આગળ ઉપર ઉલ્લેખ કરેલ છે તે મુજબ ગુજરનાર ભાવેશભાઇની અકસ્માત સમયે ઉંમર ૨૭ વર્ષ ૬ માસ ૬ દિવસની હોવાનું પુરવાર થતું હોઇ, નામદાર સર્વોચ્ચ અદાલતે ૨૦૦૯ એસીજે ૧૨૯૮ ''**સરલા વર્મા અને બીજાઓ વિરુધ્ધ દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન અને બીજાઓ**"ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ, વળતરની રકમ નિર્ણિત કરતા સમયે ૧૭ નો ગુણાંક ધ્યાને લેવાનો રહે છે. તે જ રીતે, ગુજરનાર ભાવેશભાઇ અકસ્માત સમયે અપરિણિત હોઇ, નામદાર સર્વોચ્ચ અદાલતે ૨૦૦૯ એસીજે ૧૨૯૮ ''**સરલા વર્મા અને બીજાઓ વિરુધ્ધ દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન અને બીજાઓ**" ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ, ગુજરનારના અંગત ખર્ચ પેટે આવકના ૧/૨ બાદ કરવાના રહે છે.

(૨૦) જેથી, ઉપર કરેલ ચર્ચા મુજબ, અરજદારોને લોસ ઓફ ડીપેન્ડન્સીના મથાળા હેઠળ નીચે મુજબની રકમ મળવાપાત્ર થાય છે.

રૂા.૮,૯૦૦/– ગુજરનારની નોશનલ ઈન્કમ (માસિક)

\+ રૂા.૩,૫૬૦/– નોશનલ ઈન્કમના ૪૦% રકમ ફ્યુચર પ્રોસ્પેકટસ્ તરીકે (માસિક)

\-------------

રૂા.૧૨,૪૬૦/– ગુજરનારની ફ્યુચર પ્રોસ્પેકટસ સહિતની નોશનલ ઈન્કમ (માસિક)

× ૧૨ માસ

\-------------

રૂા.૧,૪૯,૫૨૦/–ગુજરનારની ફ્યુચર પ્રોસ્પેકટસ સહિતની નોશનલ ઈન્કમ(વાર્ષિક)

– રૂા.૦૭૪,૭૬૦/– ગુજરનારનો અંગત ખર્ચ (વાર્ષિક)(૧/૨ લેખે)

\-------------

રૂા.૭૪,૭૬૦/–

× ૧૭ વળતરની રકમ નિર્ણિત કરતા સમયે ધ્યાને લેવાનો ગુણાંક

\-------------

રૂા.૧૨,૭૦,૯૨૦/– અરજદારોને લોસ ઓફ ડીપેન્ડન્સીના મથાળા હેઠળ મળવાપાત્ર રકમ

(૨૧) અકસ્માતમાં ગુજરનાર ભાવેશભાઈ વશરામભાઈ બારૈયાનું અકાળે અવસાન થતાં અરજદાર નં.૧નાએ પોતાની વૃધ્ધાવસ્થામાં પુત્રનો સહારો ગુમાવેલ હોઈ તેમજ અરજદાર નં.૨ થી ૩ નાઓએ તેમના ભાઈનો પ્રેમ, હુંફ ગુમાવેલ હોઈ, નામદાર સર્વોચ્ચ અદાલતે ૨૦૧૭ એસીજે ૨૭૦૦ ''**નેશનલ ઈન્સ્યોરન્સ કંપની લિ. વિરુધ્ધ પ્રણય શેટ્ટી**" ના ચુકાદામાં પ્રસ્થાપિત કર્યા મુજબ અરજદારો લોસ ઓફ એસ્ટેટ પેટે રૂા.૧૮,૦૦૦/–, લોસ ઓફ કોન્સોર્શીયમ પેટે રૂા.૧,૪૪,૦૦૦/– (પ્રત્યેક અરજદારને રૂા.૪૮,૦૦૦/– લેખે ગણતા) તથા ગુજરનારની મરણોત્તર ક્રિયાના ખર્ચ પેટે રૂા.૧૮,૦૦૦/–ની રકમ વળતર તરીકે વસૂલ મેળવવા હકદાર બને છે.

(૨૨) આમ, ઉપર કરેલ ચર્ચા મુજબ, આ કામના અરજદારો વિવિધ મથાળા હેઠળ કુલ નીચે મુજબની રકમનું વળતર મેળવવા માટે હકદાર બને છે.

| મથાળું | વળતરની રકમ |
|---|---|
| ગુમાવવી પડેલ આવકની નુકસાની/ લોસ ઓફ ડીપેન્ડન્સી | રૂા.૧૨,૭૦,૯૨૦/– |
| લોસ ઓફ એસ્ટેટ | રૂા.૧૮,૦૦૦/– |
| લોસ ઓફ કોન્સોર્શીયમ | રૂા.૧,૪૪,૦૦૦/– |
| મરણોત્તર ક્રિયાનો ખર્ચ | રૂા.૧૮,૦૦૦/– |
| **વળતરની કુલ રકમ** | **રૂા.૧૪,૫૦,૯૨૦/–** |

**એમ.એ.સી.પી. નંબર– ૧૫/૨૦૨૨ :–**

**(ગુજરનાર પ્રવીણભાઇ નાથાભાઇ પરમાર)**

(૨૩) વળતરની રકમ મંજૂર કરવા સંબંધિત મૂળભૂત સિધ્ધાંતને ધ્યાને લઇ વળતરની રકમ નિશ્ચિત કરવા માટે સૌ પ્રથમ ગુજરનારની આવક ધ્યાને લેવાની રહે છે. સદર કામે અરજદાર નં.૧ હર્ષાબેન પ્રવીણભાઇ પરમારના આંક–૨૧ના મૌખિક પુરાવા મુજબ અકસ્માત સમયે મૈયત પ્રવીણભાઇ નાથાભાઇ પરમાર દરજીકામ કરી વાર્ષિક રૂા.૨૦,૦૦૦/– જેટલી આવક મેળવતા હતા. જો કે અરજદાર તરફે ગુજરનારની આવક અંગે કોઇપણ પ્રકારનો દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. જેથી, નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ ગુજરનારની નોશનલ ઇન્કમ ગણવી ન્યાયોચિત જણાય છે. જેથી, અકસ્માત સમયે ગુજરનારની વય, કામનો પ્રકાર, જે–તે સમયે પ્રવર્તમાન લઘુત્તમ વેતનના દર વિગેરે લક્ષમાં લઇ, ગુજરનારની નોશનલ ઇન્કમ માસિક રૂા.૮,૯૦૦/– આકારવામાં આવે તો તે વાજબી અને ન્યાયી ગણાશે.

વળતરની રકમ નિર્ણિત કરતા સમયે ગુજરનારની આવકમાં ભવિષ્યમાં થનાર સંભવિત વધારાને પણ લક્ષમાં લેવો જરૂરી બની રહે છે. સદર કામે અરજદારના મૌખિક પુરાવા મુજબ ગુજરનાર પ્રવીણભાઇ નાથાભાઇ પરમાર દરજીકામ કરતાં હોઇ, ગુજરનાર પ્રવીણભાઇ નાથાભાઇ પરમાર સ્વરોજગારી ધરાવનાર વ્યકિત હોવાનું માનવાને કારણ રહે છે. વધુમાં, અરજદાર તરફે ગુજરનાર પ્રવીણભાઇ નાથાભાઇ પરમારના આધારકાર્ડની નકલ સદર કામે

આંક–૩૫થી રજૂ છે તે લક્ષમાં લેતાં, ગુજરનાર પ્રવીણભાઈ નાથાભાઈ પરમારની જન્મ તા. ૧૭/૧૧/૧૯૬૮ ની હોઈ, અકસ્માત તા.૧૬/૦૪/૨૨નાં રોજ ગુજરનાર પ્રવીણભાઈ નાથાભાઈ પરમારની ઉંમર ૫૩ વર્ષ ૫ માસની હોવાનું પુરવાર થતું હોઈ એટલે કે ગુજરનાર પ્રવીણભાઈ અકસ્માત સમયે ૫૦ થી ૬૦ વર્ષ વચ્ચેની વય ધરાવતાં હોઈ, નામદાર સર્વોચ્ચ અદાલતે ૨૦૧૭ એસીજે ૨૭૦૦ ''**નેશનલ ઈન્સ્યોરન્સ કંપની લિ. વિરુધ્ધ પ્રણય શેટ્ટી**" ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ, ગુજરનારની આકારેલ નોશનલ ઈન્કમના ૧૦% રકમ ફ્યુચર પ્રોસ્પેકટસ્ તરીકે વળતરની રકમ નિર્ણિત કરતા સમયે ઉમેરવાની રહે છે. આગળ ઉપર ઉલ્લેખ કરેલ છે તે મુજબ અકસ્માત સમયે ગુજરનાર પ્રવીણભાઈ નાથાભાઈ પરમારની ઉંમર ૫૩ વર્ષ ૫ માસની હોવાનું પુરવાર થતું હોઈ, નામદાર સર્વોચ્ચ અદાલતે ૨૦૦૯ એસીજે ૧૨૯૮ ''**સરલા વર્મા અને બીજાઓ વિરુધ્ધ દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન અને બીજાઓ**" ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ, વળતરની રકમ નિર્ણિત કરતા સમયે ૧૧ નો ગુણાંક ધ્યાને લેવાનો રહે છે. તે જ રીતે, ગુજરનાર પ્રવીણભાઈ નાથાભાઈ પરમાર અકસ્માત સમયે પરિણિત હોઈ અને હાલની વળતર અરજી ગુજરનારના પત્ની તથા ત્રણ સંતાનોએ કરેલ હોઈ, નામદાર સર્વોચ્ચ અદાલતે ૨૦૦૯ એસીજે ૧૨૯૮ ''**સરલા વર્મા અને બીજાઓ વિરુધ્ધ દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન અને બીજાઓ**" ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ, ગુજરનારના અંગત ખર્ચ પેટે આવકના ૧/૪ બાદ કરવાના રહે છે.

(૨૪) જેથી, ઉપર કરેલ ચર્ચા મુજબ, અરજદારોને લોસ ઓફ ડીપેન્ડન્સીના મથાળા હેઠળ નીચે મુજબની રકમ મળવાપાત્ર થાય છે.

રૂા.૮,૯૦૦/– ગુજરનારની નોશનલ ઈન્કમ (માસિક)

\+ રૂા.૦,૮૯૦/– નોશનલ ઈન્કમના ૧૦% રકમ ફ્યુચર પ્રોસ્પેકટસ્ તરીકે (માસિક)

––––––––––––––

રૂા.૯,૭૯૦/– ગુજરનારની ફ્યુચર પ્રોસ્પેકટસ સહિતની નોશનલ ઈન્કમ (માસિક)

× ૧૨ માસ

––––––––––––––

રૂા.૧,૧૭,૪૮૦/−ગુજરનારની ફ્યુચર પ્રોસ્પેકટસ સહિતની નોશનલ ઈન્કમ(વાર્ષિક)
− રૂા.૦૨૯,૩૭૦/− ગુજરનારનો અંગત ખર્ચ (વાર્ષિક)(૧/૪ લેખે)

−−−−−−−−−−−−−−

રૂા.૮૮,૧૧૦/−

× ૧૧ વળતરની રકમ નિર્ણિત કરતા સમયે ધ્યાને લેવાનો ગુણાંક

−−−−−−−−−−−−−−

રૂા.૯,૬૯,૨૧૦/− અરજદારોને લોસ ઓફ ડીપેન્ડન્સીના મથાળા હેઠળ મળવાપાત્ર રકમ

(૨૫) અકસ્માતમાં ગુજરનાર પ્રવીણભાઈ નાથાભાઈ પરમારનું અકાળે અવસાન થતાં અરજદાર નં.૧નાએ તેમના પતિનો તેમજ અરજદાર નં.૨ થી ૪નાએ તેઓના પિતાનો પ્રેમ તથા હૂંફ, સહારો ગુમાવેલ હોઈ, નામદાર સર્વોચ્ચ અદાલતે ૨૦૧૭ એસીજે ૨૭૦૦ ''**નેશનલ ઈન્સ્યોરન્સ કંપની લિ. વિરુધ્ધ પ્રણય શેટ્ટી**" ના ચુકાદામાં પ્રસ્થાપિત કર્યા મુજબ અરજદારો લોસ ઓફ એસ્ટેટ પેટે રૂા.૧૮,૦૦૦/−, લોસ ઓફ કોન્સોર્શીયમ પેટે રૂા.૧,૯૨,૦૦૦/− (પ્રત્યેક અરજદારને રૂા.૪૮,૦૦૦/− લેખે ગણતા) તથા ગુજરનારની મરણોત્તર ક્રિયાના ખર્ચ પેટે રૂા.૧૮,૦૦૦/−ની રકમ વળતર તરીકે વસૂલ મેળવવા હકદાર બને છે.

(૨૬) આમ, ઉપર કરેલ ચર્ચા મુજબ, આ કામના અરજદારો વિવિધ મથાળા હેઠળ કુલ નીચે મુજબની રકમનું વળતર મેળવવા માટે હકદાર બને છે.

| મથાળું | વળતરની રકમ |
|---|---|
| ગુમાવવી પડેલ આવકની નુકસાની/ લોસ ઓફ ડીપેન્ડન્સી | રૂા.૯,૬૯,૨૧૦/− |
| લોસ ઓફ એસ્ટેટ | રૂા.૧૮,૦૦૦/− |
| લોસ ઓફ કોન્સોર્શીયમ | રૂા.૧,૯૨,૦૦૦/− |
| મરણોત્તર ક્રિયાનો ખર્ચ | રૂા.૧૮,૦૦૦/− |
| **વળતરની કુલ રકમ** | **રૂા.૧૧,૯૭,૨૧૦/−** |

**જવાબદારી અંગે:–**

**એમ.એ.સી.પી. નંબર–૧૦/૨૦૨૨, ૧૪/૨૦૨૨ તથા ૧૫/૨૦૨૨ :–**

(૨૭) સદર કામે અકસ્માતનો બનાવ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ના ચાલક–સામાવાળા નં.૧ની સંપૂર્ણ બેદરકારીના કારણે બનેલ હોવાનું અગાઉ ચર્ચા કર્યા મુજબ પુરવાર થયેલ હોઈ સામાવાળા નં.૧ અરજદારોને વળતરની રકમ ચૂકવવા જવાબદાર બને છે. સદર ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ સામાવાળા નં.૨ની માલિકીની હોવાની હકીકત એમ.એ.સી.પી. નંબર–૧૦/૨૦૨૨ ના કામે આંક–૪૧થી, એમ.એ.સી.પી. નંબર–૧૪/૨૦૨૨ ના કામે આંક–૫૮થી તથા એમ.એ.સી.પી. નંબર–૧૫/૨૦૨૨ના કામે આંક–૪૦થી રજૂ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ની આર.સી.બુકની નકલ પરથી જણાઇ આવતી હોઈ અને અકસ્માત ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ના ચાલક–સામાવાળા નં.૧ની સંપૂર્ણ નિષ્કાળજી અને બેદરકારીના કારણે થયેલ હોવાનું આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ પુરવાર થયેલ હોઈ, સામાવાળા નં.૨ કઠોર જવાબદારીના સિધ્ધાંત હેઠળ વાહનચાલકના કૃત્ય માટે જવાબદાર થતાં હોઈ, અરજદારો સામાવાળા નં.૨ પાસેથી વળતરની રકમ મેળવવા હકદાર બને છે. સામાવાળા નં.૨નાએ અકસ્માત અંગે ટાટા એઆઈજી જનરલ ઈન્સ્યોરન્સ કું લિ.–સામાવાળા નં.૩ની વીમા કંપનીમાં અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ વીમાથી સુરક્ષિત કરાવેલ હોવાની હકીકત એમ.એ.સી.પી. નંબર–૧૦/૨૦૨૨ ના કામે આંક–૪૫થી, એમ.એ.સી.પી. નંબર–૧૪/૨૦૨૨ ના કામે આંક–૬૨થી તથા એમ.એ.સી.પી. નંબર–૧૫/૨૦૨૨ના કામે આંક–૪૪થી રજૂ અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ની વીમા પોલીસીની નકલ પરથી ફલિત થતી હોઈ તેમજ અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક નં. જી.જે.૩૪ ટી ૦૩૨૯ અકસ્માતની તારીખે સામાવાળા નં.૩ની વીમા કંપનીમાં વીમાથી સુરક્ષિત હોઈ, સામાવાળા નં.૩ પણ અરજદારોને વળતરની રકમ ચૂકવવા જવાબદાર થાય છે. જેથી, અરજદારો સામાવાળા નં.૧ થી ૩ પાસેથી સંયુકત અને વિભકત રીતે વળતરની રકમ વસૂલ મેળવવા હકદાર બનતા હોઈ, એમ.એ.સી.પી. નંબર–૧૦/૨૨, ૧૪/૨૨ તથા ૧૫/૨૨ના કામે મુદ્દા નં.(૨)નો નિર્ણય તે મુજબ ઠરાવવામાં આવે છે.

**વ્યાજ અંગે:–**

(૨૮) સદર કામે અરજદારો તરફે સામાવાળાઓ અરજદારને અકસ્માત તારીખથી ૧૮% વ્યાજસહિત વળતરની રકમ ચૂકવી આપે તે માટે વળતરઅરજમાં માંગણી કરેલ છે અને તે મુજબની રજૂઆત કરેલ છે. જો કે અરજદારો તરફે થયેલ સદર રજૂઆત સંબંધે સામાવાળા નં.૩–વીમા કંપની તરફે રજૂઆત છે કે પ્રવર્તમાન સમયમાં વ્યાજનો દર ખૂબ જ ઘટી જવા પામેલ છે. સદર કામે અકસ્માત સને–૨૦૨૨માં થયેલ છે તેવી હકીકત લક્ષમાં લેતાં પણ અરજદારોને ૬% થી વધુ દરે વળતરની રકમ ઉપર વ્યાજ અપાવી શકાય નહીં. જો કે, વળતરની રકમ ઉપર વ્યાજ ચૂકવવા સંબંધિત પક્ષકારોની તકરાર અનુસંધાને નામદાર સર્વોચ્ચ અદાલતે ૨૦૧૩ એસીજે ૨૪૧૮ ''**જોસફીન જેમ્સ વિરુધ્ધ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિ. અને બીજાઓ**", ૨૦૧૩ એસીજે ૨૫૯૪ ''**કિશન ગોપાલ વિરુધ્ધ લાલા અને બીજાઓ**" તથા ૨૦૧૨ એસીજે ૪૮ ''**મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ દિલ્હી વિરુધ્ધ એસોસીએશન ઓફ વીકટીમસ્ ઓફ ઉપહાર સોસાયટી**" ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત લક્ષમાં લેતાં, અરજદારોને મળવાપાત્ર વળતરની રકમ ઉપર સદર અરજી દાખલ થયા તારીખથી વાર્ષિક ૯% લેખે વ્યાજ અપાવવામાં આવે તો તે વાજબી અને યોગ્ય ગણી શકાય તેમ હોઈ, અરજદારો મળવાપાત્ર વળતરની રકમ ઉપર સદર અરજી દાખલ થયા તારીખથી વાર્ષિક ૯% લેખે વ્યાજ મેળવવા હકદાર હોવાનું ઠરાવુ છું.

**મુદ્દા નંબર–(૩) :–**

(૨૯) આમ, ઉપરોકત તમામ ચર્ચાને ધ્યાને લઈ, એમ.એ.સી.પી. નંબર–૧૦/૨૦૨૨, એમ.એ.સી.પી. નંબર–૧૪/૨૦૨૨ તથા એમ.એ.સી.પી. નંબર–૧૫/૨૦૨૨ના કામે મુદ્દા નંબર–(૩) અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) અરજદારોની વળતર મેળવવા અંગેની એમ.એ.સી.પી. નંબર–૧૦/૨૦૨૨, એમ.એ.સી.પી. નંબર–૧૪/૨૦૨૨ તથા એમ.એ.સી.પી. નંબર–૧૫/૨૦૨૨ અંશત: મંજૂર કરવામાં આવે છે.

(૨) એમ.એ.સી.પી. નંબર–૧૦/૨૦૨૨ ના કામે અરજદાર જયવંતસિંહ રવુભા ગોહિલ આ કામના સામાવાળા નં.૧ થી ૩ પાસેથી સંયુકત અને વિભકત રીતે **રૂા.૭,૫૭,૧૪૪/–(અંકે રૂપિયા સાત લાખ સત્તાવન હજાર એકસો ચુમાલીસ પૂરા–)** વળતર પેટે અરજીની તારીખથી વસૂલ થતાં સુધી વાર્ષિક ૯%ના વ્યાજસહિત મેળવવા હકદાર હોઈ, તે મુજબ સામાવાળા નં.૧ થી ૩ વિરુધ્ધ સદર રકમ અરજદારને ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) એમ.એ.સી.પી. નંબર–૧૪/૨૦૨૨ ના કામે અરજદારો સામાવાળા નં.૧ થી ૩ પાસેથી સંયુકત અને વિભકત રીતે **રૂા.૧૪,૫૦,૯૨૦/–(અંકે રૂપિયા ચૌદ લાખ પચાસ હજાર નવસો વીસ પૂરા–)** વળતર પેટે અરજીની તારીખથી વસૂલ થતાં સુધી વાર્ષિક ૯%ના વ્યાજસહિત મેળવવા હકદાર હોઈ, તે મુજબ સામાવાળા નં.૧ થી ૩ વિરુધ્ધ સદર રકમ અરજદારોને ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) એમ.એ.સી.પી. નંબર–૧૫/૨૦૨૨ ના કામે અરજદારો સામાવાળા નં.૧ થી ૩ પાસેથી સંયુકત અને વિભકત રીતે **રૂા.૧૧,૯૭,૨૧૦/–(અંકે રૂપિયા અગિયાર લાખ સત્તાણુ હજાર બસો દસ પૂરા–)** વળતર પેટે અરજીની તારીખથી વસૂલ થતાં સુધી વાર્ષિક ૯%ના વ્યાજસહિત મેળવવા હકદાર હોઈ, તે મુજબ સામાવાળા નં.૧ થી ૩ વિરુધ્ધ સદર રકમ અરજદારોને ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આ કામના સામાવાળા નં.૧ થી ૩ ને સદર વળતરની રકમ વ્યાજસહિત આ ટ્રીબ્યુનલમાં દિન–૩૦માં જમા કરાવવાનો આદેશ કરવામાં આવે છે.

(૬) ઉપરોકત હુકમ મુજબની રકમ સામાવાળા નં.૧ થી ૩ નાએ જમા કરાવ્યેથી, જમા રકમમાંથી ખૂટતી કોર્ટ ફી વસૂલ લેવી.

(૭) એમ.એ.સી.પી. નં.–૧૦/૨૦૨૨ ના કામે કોર્ટ ફી વસૂલ લીધા બાદ બાકી રહેતી જમા રકમમાંથી ૭૦% (સિત્તેર ટકા) રકમ અરજદારની ઈચ્છાનુસારની રાષ્ટ્રીયકૃત બેન્કમાં ૫ (પાંચ વર્ષ) માટે ફીકસ ડીપોઝીટમાં મૂકવી તથા ૩૦% (ત્રીસ ટકા) રકમ અરજદારના બેંક ખાતામાં યોગ્ય ખરાઈ કર્યા બાદ આરટીજીએસ/નેફટથી જમા આપી ચૂકવી આપવી.

(૭.૧) એમ.એ.સી.પી. નં.–૧૪/૨૦૨૨ ના કામે કોર્ટ ફી વસૂલ લીધા બાદ બાકી રહેતી જમા રકમની અરજદારો વચ્ચે સરખા હિસ્સામાં વહેચણી કરવી અને તે મુજબની વહેંચણી કર્યા બાદ અરજદારોના ભાગે આવતી રકમ પૈકીની ૭૦% (સિત્તેર ટકા) રકમ જે–તે અરજદારની ઇચ્છાનુસારની રાષ્ટ્રીયકૃત બેન્કમાં ૫ (પાંચ વર્ષ) માટે ફીકસ ડીપોઝીટમાં મૂકવી તથા ૩૦% (ત્રીસ ટકા) રકમ જે– તે અરજદારના બેંક ખાતામાં યોગ્ય ખરાઇ કર્યા બાદ આરટીજીએસ/નેફટથી જમા આપી ચૂકવી આપવી.

(૭.૨) એમ.એ.સી.પી. નં.–૧૫/૨૦૨૨ ના કામે કોર્ટ ફી વસૂલ લીધા બાદ બાકી રહેતી જમા રકમની અરજદાર નં.૧ થી ૪ વચ્ચે **૫૫:૧૫:૧૫:૧૫**ના પ્રમાણમાં વહેચણી કરવી અને તે મુજબની વહેંચણી કર્યા બાદ અરજદારોના ભાગે આવતી રકમ પૈકીની ૭૦% (સિત્તેર ટકા) રકમ જે–તે અરજદારની ઇચ્છાનુસારની રાષ્ટ્રીયકૃત બેન્કમાં ૫ (પાંચ વર્ષ) માટે ફીકસ ડીપોઝીટમાં મૂકવી તથા ૩૦% (ત્રીસ ટકા) રકમ જે– તે અરજદારના બેંક ખાતામાં યોગ્ય ખરાઇ કર્યા બાદ આરટીજીએસ/નેફટથી જમા આપી ચૂકવી આપવી.

(૮) ફીકસ ડીપોઝીટની રકમ ઉપર કલેઇમ ટ્રીબ્યુનલની પરવાનગી વગર અરજદારો કોઇપણ પ્રકારની લોન, એડવાન્સ કે ઉપાડ મેળવવા હકદાર રહેશે નહીં. જો કે, અરજદારો ફીકસ ડીપોઝીટની રકમ ઉપર સમયાંતરે મળવાપાત્ર વ્યાજ મેળવવા હકદાર રહેશે.

(૯) ફીકસ ડીપોઝીટની સમયમર્યાદા પૂર્ણ થયેથી બેન્કે કલેઇમ ટ્રીબ્યુનલના કોઇપણ પ્રકારના હુકમ વગર ફીકસ ડીપોઝીટની રકમ ચૂકવવાપાત્ર વ્યાજસહિત અરજદારોના બેંક ખાતામાં યોગ્ય ખરાઇ કર્યા બાદ આરટીજીએસ/નેફટથી જમા આપી ચૂકવી આપવી.

(૧૦) વળતરઅરજીઓના કામે અરજદારોને થયેલ ખર્ચ સામાવાળાઓએ અરજદારને ચૂકવી આપવો અને પોતાને થયેલ ખર્ચ સામાવાળાઓએ જાતે ભોગવવો.

(૧૧) હુકમ મુજબ એવોર્ડ દોરવો.

(૧૨) સદર જજમેન્ટ એમ.એ.સી.પી. નંબર–૧૦/૨૦૨૨ ના રેકર્ડમાં રાખવું તથા તેની પ્રમાણિત નકલ એમ.એ.સી.પી. નંબર–૧૪/૨૦૨૨ તથા

એમ.એ.સી.પી. નંબર–૧૫/૨૦૨૨ ના રેકર્ડમાં સામેલ રાખવી.

આ હુકમ આજરોજ તારીખ–૮ મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

**તા. ૦૮/૦૮/૨૦૨૬**

**તળાજા**

**(રેહાના એ. નાગોરી)**
**જજ**
**એમ.એ.સી.ટ્રીબ્યુનલ (સહાયક) અને**
**એડીશનલ ડિસ્ટ્રીક્ટ જજ, ભાવનગર,**
**મુ. તળાજા**
**(જીજે૦૦૫૭૮)**